Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૨૦ • તા. ૧૫ મે ૨૦૧૭ થી ૨૧ મે ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

જ્ઞાતિનો કેન્દ્રવર્તી મહાજન

ના કોઈની માથે, સદા સર્વથા સૌની સાથે

॥ નમામિ જ્ઞાતિ મૈયૈ ॥

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન

આયોજે છે.....

## સમસ્ત લીડરશીપ સમીટ ૨૦૧૭

**સમય :** રવિવાર, તા. ૧૮ જુન ૨૦૧૭ સવારે ૦૯ થી સાંજે ૭.૩૦

**સ્થળ :** તારાંકિત એ.સી. હોલ, મુંબઈ.

**વિષય :** • સમાન દષ્ટિબિંદુ કેળવવાની કાર્યશાળા • સમાન દષ્ટિબિંદુ સિધ્ધ કરવા માટેના લક્ષ્યો અને પ્રવૃત્તિઓ • મહાજન નાણાકીય નીતિ અને વ્યવસ્થાપન • સામાજિક સુરક્ષા • યુવા વિકાસ અને પ્રતિનિધિત્વ • નારી વિકાસ અને સશક્તિકરણ




ચાલો મળીએ લક્ષ્ય સિધ્ધ કરવા

"LET'S MEET TO ACHIEVE"








## LEADERSHIP SUMMIT 2017

**Date & Time :** Sunday 18th June 9.00 am. to 7.30 pm

**Venue :** Star Hall (AC), Mumbai

**Programme :** • Vision building workshop • Goals and activities for achieving vision • Youth development & representation • Women development and empowerment

વધુ વિગત માટે સંપર્ક • Contact for more Details :

નિશીથ દંડ – કન્વીનર 09879111090

રાજેશ મોમાયા – સહકન્વીનર 09884149494

ચીમન મોતા – સેક્રેટરી જનરલ 09322220708

# શ્રી કચ્છ સાંધાણ દશા ઓશવાલ જૈન મહાજન

## તા. ૨-૪-૨૦૧૭ના યોજાયેલ પર્યટન તથા વાર્ષિક સામાન્ય સભાની તસ્વીરી ઝલક



પ્રમુખશ્રીનું મંતવ્ય



પદાધિકારીઓ તથા ટ્રસ્ટીઓ



# શ્રી કચ્છ સાંધાણ દશા ઓશવાલ જૈન મહાજન આયોજીત
## પર્યટન તથા વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ

શ્રી કચ્છ સાંધાણ દશા ઓશવાલ જૈન મહાજનના સભ્યો તથા તેમની નિયાણી બહેનોના પરિવારજનોનું એકં આનંદ પર્યટન રવિવાર, તા. ૨-૪-૨૦૧૭ના ''પેરેડાઇજ ફન લેન્ડ'' રિસોર્ટ, મુંબઇ - નાશિક હાઇવે, થાણા જીલ્લા ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. સાથે શ્રી સાંધાણ જૈન મહાજનની એક વાર્ષિક સામાન્ય સભા પણ યોજવામાં આવી હતી. જેમાં કુલ ૨૦૫ નાના મોટા સભ્યોએ ભાગ લીધો હતો. મુલુંડ થી બે બસ, ડોંબિવલી થી બે બસ, વિરાર થી એક બસ તથા થોડા પોતાની મોટર કારોમાં સવારે ૯.૦૦ વાગે રિસોર્ટ ઉપર પધાર્યા.

સવારના ચા-નાસ્તા (બ્રેકફાસ્ટ) પછી નાના મોટા બાળકો તથા થોડા વડીલોએ ત્યાંના વોટર સ્લાઇડમાં રમવાનો આનંદ લીધો. બાકીના વડીલોએ પોત પોતાના ગ્રુપ બનાવી રિસોર્ટના હરીયાળા વાતાવરણમાં ગપ્પાગોષ્ટીમાં લીન થઇ ગયા. બપોરના ૧.૦૦ વાગે બધાએ જમણમાં રસ-પુરી, ઠોકળા ને ન્યાય આપ્યો. થોડા વડીલોએ ત્યાંના ખાટલાઓ ઉપર આરામ ફરમાવ્યો.

બરાબર ૩.૦૦ વાગે શ્રી કચ્છ સાંધાણ દશા ઓશવાલ જૈન મહાજનની એક વાર્ષિક સામાન્ય સભાની શરૂઆત થઇ. ડાયસ ઉપર પદાધિકારીઓ તથા ટ્રસ્ટીઓએ પોતાની બેઠક લીધી. શ્રી નવકાર મંત્રના પઠન પછી મહાજનના પ્રમુખશ્રી તિલક જેઠાભાઇ મૈશરીનું દુઃખદ અરિહંતશરણ થવાથી તેમને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી. તેમના અરિહંતશરણ થવાથી આજની સભાનું પ્રમુખ સ્થાન મહાજનના ઉપપ્રમુખ શ્રી ગુલાબચંદ ગોવિંદજી ચુરલાએ સંભાળ્યું. સભાની રૂટીન કાર્યવાહી ટ્રસ્ટીશ્રી રાજેન્દ્ર શીવજી ચુરલાએ પૂર્ણ કર્યા પછી બે ચડાવા લેવામાં આવ્યા.

૧. શ્રી શાલીભદ્ર શેઠ ભંડાર ઉપર એક વર્ષ માટે નામ લખવા.સ્વ. અંજલી જતીન ધરમશી (બારસીવાળા) એ રૂા. ૫,૦૦૧/-માં લાભ લીધો.

૨. આપણા દેરાસરજીની આગામી વર્ષગાંઠ સં. ૨૦૭૪, માગસર સુદ ૨, સોમવાર, તા. ૨૦-૧૧-૨૦૧૭ના આવે છે. વાર્ષિક ધજા ચડાવવાનો લાભ લેવા ચડાવા બોલાવવામાં આવ્યા.

ટુંક નં. ૧ : મૂળનાયક શ્રી શાંતિનાથદાદની ધજા ચડાવવાનો લાભ શ્રી તિલક ગોવિંદજી મૈશેરી પરિવારે રૂા. ૧૫,૦૦૦/- માં લીધો. બાકી ટુંકોના રૂા. ૧,૫૦૦/- ના નક્કી નકરા પ્રમાણે ચડાવા નીચે પ્રમાણે લેવાયા.

ટુંક નં. ૨ : માતુશ્રી મધુરીબેન સોમચંદ મૈશેરી
ટુંક નં. ૪ : શા. ધનજી વેરશી મૈશેરી
ટુંક નં. ૫ : શા. હિરાચંદ કરમશી પટેલ
ટુંક નં. ૬ : શ્રી દિનેશ ડુંગરશી ધરમશી
ટુંક નં. ૭ : માતુશ્રી લક્ષ્મીબેન વેલજી ધરમશી
ટુંક નં. ૮ : શા. તિલક જેઠાભાઇ મૈશેરી

### મહાજનના નવા પ્રમુખની નિમણુંક

શ્રી કચ્છ સાંધાણ જૈન મહાજનના પ્રમુખશ્રી તિલક જેઠાભાઇ મૈશેરીનું દુઃખદ અરિહંતશરણ થવાથી તેમની જગ્યાએ નવા મહાજન પ્રમુખ તરીકે શ્રી ગુલાબ ડુંગરશી શાહ (ધરમશી) ની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી.

# શ્રી કચ્છ સાંધાણ દશા ઓશવાલ જૈન મહાજન આયોજીત
## પર્યટન તથા વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ

### મહાજનના બે માનદ્ મંત્રીઓની નિમણુંક

મહાજનના માનદ મંત્રી શ્રી ગુલાબ ડુંગરશી શાહની મહાજનના પ્રમુખ પદે નિમણુંક થતાં તેમની જગ્યાએ શ્રી કિર્તીભાઇ વેલજી ધરમશી તથા બીજા માનદમંત્રી શ્રી યોગેન્દ્ર શામજી કાંકન ની નાદુરસ્ત તબીયતને લીધે તેમની જગ્યાએ શ્રી મનીષ દિલીપ મૈશેરીની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી.

આગામી પર્યુષણ પર્વ શનિવાર, તા. ૧૯–૮–૨૦૧૭ થી શરૂ થાય છે. પર્યુષણ પર્વની આરાધના માટે માદરે વતન સાંધાણ ગામમાં જવા આવવા માટે નીચેના દાતાઓએ લાભ લીધેલ છે.

મુંબઇ થી ભુજ તા. ૧૭–૮–૨૦૧૭ તથા ભુજ થી મુંબઇ તા. ૨૭–૮–૨૦૧૭ પરત આવવાની ટ્રેન ટીકીટના દાતા
**માતુશ્રી લક્ષ્મીબેન લાલજી ધરમશી (બારસીવાલા) તથા માતુશ્રી સોનલબેન કુલીનકાંત પટેલ**

જવાની ટ્રેનમાં નાસ્તો તથા જમણના દાતા
**માતુશ્રી દેવકાંબેન શામજી લોડાયા**

આવવાની ટ્રેનમાં નાસ્તો તથા જમણના દાતા
**શ્રી તિલકભાઈ ગોવિંદજી મૈશેરી**

ભુજ થી સાંધાણ જવાના બસના દાતા
**માતુશ્રી લક્ષ્મીબેન વેલજી ધરમશી** હ. કિર્તીભાઇ ધરમશી

સાંધાણ થી ભુજ (ચૈત્ય પરિપાટી સાથે) બસના દાતા
**શ્રી દિનેશ ડુંગરશી ધરમશી તથા શ્રી ગુલાબ ડુંગરશી ધરમશી**

સાંધાણના સભ્યો તથા તેમની નિયાણી બહેનોના પરિવાર જનો તથા આમંત્રીત મહેમાનોને માદરે વતન સાંધાણ ગામમાં પર્યુષણ પર્વની ઉજવણી માટે પધારવા વિનંતિ કરવામાં આવી.

દેરાસરજી, ભોજનાલય તથા અતિથીગૃહના નિભાવ માટે જુદી જુદી સ્કીમોમાં સર્વેને પોતાનું યોગદાન આપવાની વિનંતી કરવામાં આવી.

પછી વિશેષ કાર્ય ન હોવાથી આભાર વિધિ કર્યા પછી શ્રી શાંતિનાથદાદાની જય બોલાવી સભા સમાપ્ત થઇ હતી.

શ્રી તિલક જેઠાભાઇ મૈશેરી પરિવાર તરફથી વર્ષ દરમ્યાન ઉગ્ર તપસ્યા કરનાર તપસ્વીઓની અનુમોદના કરવામાં આવેલ.

સાંધાણ યુથ ફ્રન્ટ તરફથી સ્કુલ / કોલેજમાં પાસ થયેલ સર્વે વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને શૈક્ષણિક ઇનામ વિતરણ કરવામાં આવેલ તથા પર્યટનમાં પધારેલ સર્વે નાના – મોટા બાળકોને ગીફ્ટ આપવામાં આવેલ જેના દાતા માતુશ્રી લક્ષ્મીબેન લાલજી ધરમશી (બારસીવાળા) હતા. યુથ ફ્રન્ટ તરફથી તંબોલા (હાઉસી) ગેમ રમાડવામાં આવેલ જેમાં આવેલ દરેક સભ્યોએ ભાગ લીધો. ગેમમાં ખૂબ ઇનામોની વહેંચણી કરવામાં આવેલ તથા રમતની વચ્ચે વચ્ચે સાત લકી ડ્રો કાઢી દરેકને સીલ્વર કોઇન ભેટ આપવામાં આવેલ.

આ રીતે આવેલ દરેક સભ્યોએ પીકનીકની મજા માણી અને છેલ્લે સાંજના ચોવિહાર વાપરી સર્વે આનંદથી છુટા પડ્યા.

**લી. : શ્રી કચ્છ સાંધાણ દશા ઓશવાલ જૈન મહાજન**

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
: વ્યવસ્થાપક :
ચંદ્રસેન મોમાયા
મો. 09324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**અંક નં. 20/2017**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# શિક્ષણ સંબંધી કામ શૈક્ષણિક સંસ્થાઓ જ કરે

કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ છેક ઇ.સ. ૧૮૬૫ (આજથી ૧૫૨ વર્ષ પહેલાં)થી શિક્ષણ અંગે જાગૃતિ દર્શાવતી આવી છે. ઇ.સ. ૧૮૮૫માં (૧૩૨ વર્ષ પહેલાં) જ્ઞાતિના એક શિક્ષણ પ્રેમીએ શાળા શરૂ કરી અને ઇ.સ. ૧૮૯૫ (૧૨૨ વર્ષ પહેલાં)થી તે જમાનામાં કચ્છ સિવાયના બધા જ્ઞાતિજનોનું પ્રતિનિધિત્વ ધરાવનાર મુંબઈ મહાજને શિક્ષણને અગ્રતા આપવાનું શરૂ કર્યું.

ઇ.સ. ૧૯૦૦ થી ૧૯૦૪ની વચ્ચે જ્ઞાતિના શિક્ષણ પ્રેમીઓ મુંબઈમાં શાળા અને વિદ્યાર્થીગૃહ શરૂ કરવા પ્રવૃત્ત થયા અને સફળ રહ્યા.
ઇ.સ. ૧૯૪૦માં કચ્છી દશા ઓશવાલ સેવા સમાજ સંસ્થાએ પોતાનું મકાન અને મિલકત ઓશવાલ નિવાસ વિદ્યાર્થીગૃહને અર્પણ કર્યા.

૧૯૪૮ના પ્રારંભે મળેલા પ્રથમ જ્ઞાતિ સંમેલને શિક્ષણને અગ્રતા આપી તથા શિક્ષણ પ્રસાર માટે સંસ્થાકીય વ્યવસ્થા કરી. જે વીરજી લધાભાઈ લોડાયા તથા માતુશ્રી લક્ષ્મી વીરજી લધાભાઈ સહિત અનેક શિક્ષણ પ્રેમી દાતાઓના સહયોગથી જ્ઞાતિનું શિક્ષણ પ્રસાર અને શિક્ષણ સહાયનું માળખું વટવૃક્ષ જેવું વિકસિત થઈ લગભગ જ્ઞાતિના બધા વર્ગની જરૂરતની કાળજી લઈ રહ્યું છે.

પ્રથમ સંમેલનમાં શિક્ષણ પ્રસાર અને શિક્ષણ સહાયનું કેન્દ્રીય માળખું ઘડી કાઢવામાં આવ્યું જે અત્યારે કારકિર્દીની પસંદગી તથા કારકિર્દીના ઘડતર બાબત પણ સક્રિય બન્યું છે.

તે છતાં કેટલાક મહાજનો આ સંબંધે બેવડી પ્રવૃત્તિ થાય અને બેવડા સમય-શક્તિ-સંસાધનો વપરાય એવું વલણ અપનાવી રહ્યા છે.

શિક્ષણ પ્રસાર તથા સહાયના કેન્દ્રીય માળખાને સમયાનુરૂપ બનાવવાની જરૂરત સદાય રહેવાની જ એ દૃષ્ટિએ કોઈને કંઈક ખૂટતું લાગતું હોય તો એ બાબત સૂચન કરવા જોઇએ, બેવડા સમય - સંપત્તિ - શક્તિ વપરાય એવી પ્રવૃત્તિ કરવાની શરૂઆત ન કરવી જોઇએ.

આ બાબતના શિષ્ટાચાર અંગે પણ સમજદારી દાખવવી રહી.

તાજેતરના એક અનુભવની વાત કરીએ તો જ્ઞાતિની કેન્દ્રીય શિક્ષણ સંસ્થા અને મોભી મહાજન બન્નેએ કરવા ધારેલી લગભગ લગભગ સરખી કારકિર્દી ઘડતર પ્રવૃત્તિમાં આગેવાનોના સમજદારી ભર્યા સંવાદથી ઘણી વાત બેવડાતી રોકી શકાઈ પણ માત્ર એટલા કારણથી સંયુક્ત કાર્યક્રમ ન થઈ શક્યો કે, મોભી મહાજન માટે મુખ્ય ન ગણાય તેવી શિક્ષણ જેવી પ્રવૃત્તિમાં પણ તેનું નામ કેન્દ્રીય શૈક્ષણિક સંસ્થાથી પણ આગળ જ હોવું જોઇએ એવી એ મહાજનના પદાધિકારીઓની આગ્રહ હતો.

છેક પ્રથમ સંમેલનમાં થયેલ સ્પષ્ટતા પ્રમાણે મહાજનો તેમની પાસેના અનેકવિધ ધાર્મિક -સામાજીક કાર્યો સારી રીતે કરી શકે તે માટે તેમને શિક્ષણને પ્રોત્સાહન આપવાની જ્ઞાતિ અગ્રતાવાળી પ્રવૃત્તિમાંથી મુક્તિ આપવામાં આવી છે.

તે છતાં મહાજનો વિકેન્દ્રીકરણ કે અતિ આવશ્યકતા માટે શૈક્ષણિક પ્રવૃત્તિ કરે એ સમજી શકાય તેમ છે પણ કોઈ મહાજન પોતે શિક્ષણ ક્ષેત્રેય પ્રવૃત્ત છે એવું દાખવવા અહમ્ ભાવથી કોઈ પ્રવૃત્તિ કરે અને શિક્ષણ સહિતની દરેક બાબતમાં પોતાનું નામ પ્રથમ જ હોવું જોઇએ તો જ પોતે કેન્દ્રીય શિક્ષણ સંસ્થા અને બીજી ઘણી સંસ્થાઓના સહયોગથી થતી કારકિર્દી ઘડતર પ્રવૃત્તિમાં જોડાય એવો આગ્રહ રાખે એ તો સંબંધિત મહાજનના

અધિકારીઓમાં સમજદારીનો અભાવ અને પોતાના અહમ ભાવને પોષવા જેવું ગણાય.

બેશક, કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિએ છેલ્લી એક શતાબ્દીથી શિક્ષણના મહત્વને પીછાણ્યું છે એટલે એ માટે જરૂરી નાણાં મળી જ રહેવાના પણ શિક્ષણ ક્ષેત્રનું સતત બદલાતું સ્વરૂપ જોતાં દાતાએ આપેલ દરેક રૂપીયો સવાયું-દોઢું ફળ આપે તેની ગણતરી રાખવી આવશ્યક છે.

આશા રાખીએ કે શિક્ષણ સાથે સંકળાયેલા અને અન્ય જ્ઞાતિ આગેવાનો ખાસ કરીને મહાજનના પદાધિકારીઓ આ બાબત સમજદારી ભર્યું વલણ દાખવશે.

**- ચંદ્રસેન મોમાયા**

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Mulund (W), Mumbai - 400 080.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## બહારગામના લોકોની આતિથ્ય ભાવના




ગોવા એક સુંદર રમણીય, પર્યટન સ્થળ છે. જ્યાં પૂરા વિશ્વથી લોકો ફરવા માટે આવતા હોય છે. અને દરેકનું સપનું હોય છે કે લાઈફમાં એકવાર તો ગોવા ફરવા જવું જ જોઈએ. આવા સુંદર ગોવામાં આપણી જ્ઞાતિ ક.દ.ઓ.ના. ૧૫-૨૦ પરિવાર વર્ષોથી વસવાટ કરે છે. સૌને લગભગ પોતાનો વ્યવસાય છે અથવા અમુક જણ નોકરી પણ કરે છે. પણ બધાની પાસે પોતાનું Vehicle તો છે જ.

અમે અનંત નાથ દેરાસરના ટ્રસ્ટીઓ અને મહાજનના પદાધિકારીઓ, ગોવા મહાજનને મળવાની ઈચ્છા દર્શાવી. તરત જ અમને આમંત્રણ આપી કીધું કે તમે સૌ સવારના ચા-નાસ્તો કરવા પધારો અને સૌની સાથે મુલાકાત કરો. બીજા દિવસે સવારે અમને લેવા માટે ગાડી પણ તૈયાર અને ત્યાં પહોંચ્યા તો ૧૦-૧૨ ફેમીલી હાજર હતી. નાસ્તા-પાણીનું સુંદર આયોજન હતું. રજા લઈને જવાની તૈયારી કરતા હતા ત્યાં રેખા બહેન કહે કે સાંજે તૈયાર રહેજો. અમે તમને લેવા આવીએ છીએ. ઘણી ના પાડી છતાંય એ માન્યા જ નહીં. સાંજે રેખા બહેન, વીણા બહેન તથા એમની દીકરી અમને લેવા માટે હોટલ પહોંચી આવ્યા. ગોવાના જોવા લાયક સ્થળ તથા બીચ ફરવા લઈ ગયા. ખૂબ મજા કરાવી પછી ઘેર લઈ ગયા. જમાડીને પાછા હોટેલ મૂકવા આવ્યા. આ બધું જોઈને આભાર માનવા માટે ખરેખર મારી પાસે શબ્દો નથી. પિયુષ ભાઈની ગાડીમાં જતાં-જતાં જ્યારે મેં કચ્છી સ્તવનો સાંભળ્યા અને સહજતાથી પૂછ્યું કે આટલા બધા કચ્છી સ્તવનો કોણે ગાયા છે ? કઈ CD છે ? તો એમણે તરત કીધું કે હું તમને CD આપીશ અને ખરેખર વગર મૂલ્યે એમણે CD તથા પાલીતાણાનું સુંદર મેગ્નેટીક સ્ટીકર ભેટ આપ્યું. બીજા દિવસે દીપકભાઈ સોનીના ઘરે જમી પરવાર્યા ત્યાં અભયભાઈની ગાડી હાજર. એમને ત્યાં ચા-પાણી માટે આમંત્રણ હતું અભયભાઈ ધરમશી જેમણે પહેલાં દિવસે અમે મડગાંવ ઉતર્યા ત્યારે અમને ૪૦ કિ.મી. દૂર પંજીમ છોડવા આવ્યા હતા. ચા-પાણી પછી અમને ટ્રેનમાં લઈ જવા માટે થેપલા-દહીંનું સુંદર ભાતું પણ પેક કરી આપ્યું. ગોવા પહોંચ્યા પહેલાં સતત સંપર્કમાં રહેનારા પરેશભાઈ તથા ભરતભાઈને પણ કેમ ભૂલાય ?

આવું આપણે મુંબઈવાળા વિચારી પણ શકીએ ખરા? આટલો સમય કોઈને આપણે ફાળવી શકીએ ખરા? સગા-સંબંધી હોય તો ઠીક, કદાચ આપણે કરીએ પણ આ બધા તો સગાથી એ વિશેષ એવા વહાલા ગોવાવાસીઓને શત-શત પ્રમાણ ત્યાંના લોકો ધર્મ પણ એટલું જ આરાધે છે. દેરાસરમાં પર્યુષણ પર્વમાં સપના, તપની બોલી બોલીને ચડાવા લે છે.

આપણે મુંબઈવાસીઓએ દેશાવળના લોકો પાસેથી કંઈક શીખવું જોઈએ. કંઈક અપનાવવા જેવું છે. આવા મસ્ત, પ્રેમાળ, સ્નેહાળ અને ''અતિથી દેવો ભવ''માં માનવા વાળી પ્રજા સામે ''ઝૂકી તો જવાય ને ?''

**- શ્રીમતી માલતી હરીશ ધરમશી,** નવી મુંબઈ

## આરોગ્ય પ્રકાશ : આરોગ્ય માટે ઉપયોગી માહિતી

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

**૧) કબજીયાત :** કબજીયાત માટે એરંડભ્રસ્ટ હરડે (એરંડિયામાં નાની હરડે ને શેકી, ઠંડી પડે મિક્સરમાં પાવડર કરી લેવી) દિવસમાં સવારે કે રાત્રે એક ચમચી લેવી, દશેક કાળી કીસમીસ ધોઈ રાત્રે ભીંજવી સવારે ખાવી, એક મધ્યમ ચમચી એરંડિયું વગેરે સાદા ઈલાજ છે. આ ઉપરાંત એક નિર્દોષ ઈલાજ કરવા જેવો છે. ખેતરની સાફ લાલ કે કાળી માટી લઈ તેમાં ઠંડુ પાણી ઉમેરી રોટલા જેમ ગોળાકાર કરી સાફ ઝીણા પલાળેલા કપડામાં લપેટી, પેટ પર મૂકી તેને પાટાથી બાંધવી. રાત્રે પેટ પર મૂકી સવારે કાઢી નાખવું આથી પેટની ગરમી ઓછી થશે. ધીરજથી થોડા દિવસ આ ઉપચાર કરવાથી કબજીયાત ચોક્કસ મટશે.

**૨) કેન્સર :** વિશ્વના મૃત્યુના આંકડામાં હૃદયરોગથી થતા મૃત્યુનો પ્રથમ નંબર અને કેન્સરથી મૃત્યુ પામતા દરદીઓનો બીજો નંબર આવે છે. પ્રારંભિક અવસ્થામાં હોય તો કેન્સરના ૧૦૦માંથી ૮૦ દર્દી બચી શકે છે.

કેન્સરમાં શરીરમાં ગાંઠ નિર્દોષ પણ હોય, માટે જ ડર્યા વગર ચેકીંગ કરાવો.

કેન્સર એ મોટે ભાગે ખાવા પીવાની વિકૃત ટેવો અને ખોટી રહેણીકરણીને લીધે થાય છે. માટે ઘરનો પૌષ્ટીક ખોરાક, શાકભાજી, ફળો, ડ્રાયફ્રુટનો ઉપયોગ કરો. કસરત અને ચાલવાનું રાખો, લાઈફસ્ટાઈલ બદલો, કુદરત તરફ વળો.

કેન્સરના ૮ સૂચક લક્ષણો છે ૧) મોઢામાં ચાંદુ પડ્યું હોય અને રૂઝ ન આવે કે શરીરમાં ક્યાંય ન રૂઝાતું ચાંદુ, વ્રણ, ગુમડું, અલ્સર, જખમ હોય ૨) ખોરાક ગળવામાં અટકતો હોય – ગળવામાં મુશ્કેલી. ૩) અવાજ ઘોઘરો થઈ જાય કે સતત ખાંસી રહેતી હોય. ૪) સ્ત્રીઓને વારંવાર ગુપ્તાંગમાંથી લોહી પડતું હોય. ૫) શરીરના કોઈપણ ભાગમાં ગાંઠ, ખાસ કરીને સ્તન કે ગળામાં ગાંઠ દેખાય. ૬) હાજત-મળ ત્યાગની ટેવમાં ફેરફાર ૭) શરીર પરના તલ કે મસામાં કદ, રંગમાં ફેરફાર દેખાય. ૮) શરીરના વજનમાં સ્પષ્ટ કારણ વિના જ ઘટાડો થાય. આમાંના કોઈપણ ચિહ્ન હોય તો તુરત જ ચેકીંગ કરાવો.

**૩) નિરાશા (ડીપ્રેશન) અને ટેન્શન :** નિયમિત ચાલવાથી તો આરોગ્યને ફાયદો થાય છે પણ કુદરતી વાતાવરણમાં એકલા ચાલતી વખતે કુદરતી દૃશ્ય, અવાજ, ફૂલોની સુંગધ, વૃક્ષ,


## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ

**(શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચે. ટ્રસ્ટ, વીરજી લધાભાઈ ટ્રસ્ટ, મણી માણેક ચે. ટ્રસ્ટ, શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડસ, શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ)**

**S.S.C. (10th) માટે કોચીંગ કલાસીસની ફી તથા ધોરણ ૧૧ થી ગ્રેજ્યુએશન, પોસ્ટગ્રેજ્યુએશન કરતા, ભારતભરમાં કોઈપણ સ્થળે રહી અભ્યાસ કરતા કેડીઓ વિદ્યાર્થીઓને કોલેજ ફી, હોસ્ટેલ ફી, કોચીંગ કલાસીસ ફી, વગેરે માટે વગર વ્યાજે લોન આપવામાં આવે છે.**

**ફૉર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૦મી જુન ૨૦૧૭ છે.**

વધુ વિગત કાર્યાલયમાંથી મેળવી લેવી.

**-: અરજીફોર્મ મેળવવાનું તથા ભરીને પાછું આપવાનું સ્થળ :-**

**શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ**
**શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ,**
**ન્યુ લક્ષ્મીનિવાસ, કામાલેન, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૬.**
**ફોન : 022-2513 3174 / 2510 0157**
**Website : www.kdoedu.com**
**સોમવાર થી શનિવાર સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૩૦ દરમ્યાન તેમજ**
**રવિવારે સવારે ૧૧.૩૦ થી સાંજે ૪.૩૦ સુધી સંસ્થાની ઑફિસેથી :**

**નોંધ :** અરજીફોર્મ સાથે બીડેલ પ્રત્યેક ફોટો કોપી ડોક્યુમેન્ટની ઓરીજીનલ કોપી ઈન્ટરવ્યુ દરમ્યાન સાથે લાવવી.

વિધવિધ આકારના પાન, રંગબેરંગી પતંગિયા વગેરે કુદરતી સૌંદર્યનો અખૂટ ખજાનો દરરોજ મનભરીને નીરખીએ અને ધીરે ધીરે મનને સમતામય અને શાંતિમય બનાવીએ જેથી જીવનની કોઈપણ પરિસ્થિતિને શાંતિથી સ્વીકારી શકીએ.

મનને મજબૂત કરી હતાશા અને નિરાશાને દૂર કરીએ. જેમ વધુ કુદરતના સાનિધ્યમાં રહીએ તેમ પશુ પક્ષીઓની જેમ ક્યારેય ટેન્શન કે ડીપ્રેશન નહિં આવે.

**૪) પશ્ચિમો તાનાસન :** આ આસન નિયમિત કરવાથી જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે. પેટ ઉપરની વધુ પડતી ચરબી ઘટે છે. મૂત્રાશય, હોજરી, પિતાશય વગેરે પેટના અવયવો ક્રિયાશીલ બને છે. આ આસનમાંથી આંતરડાની આંકુચન અને સંકુચનની ક્રિયાને વેગ મળે છે. જેથી ખોરાક આંતડામાં એક જગ્યાએથી બીજી જગ્યાએ સહેલાઈથી જાય છે. કબજીયાત, અજીર્ણ, કલેજાના દર્દો, મંદાગ્નિ વગેરે દૂર થાય છે. સાંધાઓમાં સ્થિતિ સ્થાપકતા આવે છે, કમરદર્દ મટી જાય છે. શરીર સુડોળ અને ઘાટીલું બને છે. પગના સ્નાયુઓ સશક્ત થાય છે. હેડકીનો રોગ મટે છે.

**પધ્ધતિ :** જમીન પર બેસી પગ ને લાંબા કરી, ચત્તા સુઓ. હવે હાથ માથા ઉપર સીધા જમીનને ટેકવેલા રાખે. હવે કોઈપણ ટેકો લીધા વીના, ઉપર રાખેલા હાથને પગના અંગુઠા તરફ લેતાં ઉઠીને બેસો (પગ સીધા જ રાખવા).




પગના અંગુઠાને હાથથી પકડો. (ઉમરને લીધે કે પેટની ચરબીને લીધે કદાચ પગ સીધા રાખી અંગુઠા હાથથી ન પકડાય તો સહેજ ઘૂંટણ થી પગ ઉંચકો) ઉચ્છ્વાસ બહાર કાઢો અને ધીરે ધીરે માથું ઘુંટણને અડે તેમ નીચા વળો. નીચા વળતી વખતે પેટ અંદર ખેંચો, જેથી સરળતાથી વાંકા વળી શકાશે.

પાંચ સેકન્ડ સુધી આસનની સ્થિતિમાં રહો. ૩૦ સેકન્ડથી શરૂ કરી આ આસન ૧૦ મિનિટ કરી શકાય.

**૫) શરીરના અંગોનું દાન :** કોઈપણ દાન શ્રેષ્ઠ જ છે. ધનનું દાન હોય, અન્નદાન, ચક્ષુદાન, રક્તદાન અને શરીરના બીજા અવયવો ચામડી, લીવર, કીડની અને હૃદયનું દાન હોય.

મૃત્યુ પછી શરીરને બાળવાથી શરીરનો નાશ થાય છે પરંતુ શરીરના અવયવનું દાન કરવાથી આપણે કોઈ એક અન્યને નવજીવન આપીશું અને એ રીતે જીવી જઇશું. અવયવ દાન મૃત્યુ પછી પણ કરી શકાય છે એ રીતે શ્રેષ્ઠ દાન છે.

આજે કેટલાય લોકો અવયવ ન મળવાથી અંધાપો ભોગવે છે. બિમારીઓથી પીડાય છે કે મૃત્યુ તરફ ધકેલાય છે માટે જીવતેજીવ રક્તદાન અને મૃત્યુપછી અવયવ દાન કરીએ.


# BON VOYAGE



**KINJAL RAMESH LODAYA**

MSc. (CLINICAL NUTRITION & DIETETICS)
MA (FRENCH)

Proceeding to NICE (FRANCE) for short duration course on teacher training in French Language of CEFOLIAC BEAULIEU SUR MER, NICE, FRANCE.

Worked as **Asst. Professor (French)** in GRD College of Arts and Science, Coimbatore for 4 years





**PHALGUN RAMESH LODAYA**

BE. Tech (Computer Science)

Working in **ZOHO CORPORATION,** Chennai as software Developer since 2012

**DADANA** : **LATE SMT. GUNAVANTIBEN DAMJI LODAYA** (Coimbatore - Naliya)
**NANANA** : **LATE SMT. VANITABEN POONAMCHAND MEISHERI** (Mulund)
**PARENTS** : **USHA RAMESH DAMJI LODAYA** (Coimbatore - Naliya)

**PH.: 0422 4367971 • CELL : 098432 50871 / 097918 02606**

## વચલી પેઢીની સ્ત્રીઓ જીવે છે 'સેન્ડવિચ જિંદગી'

હું પહેલાં કામ કરતી ત્યાં જતી વખતે ટ્રેનમાં એ બહેન મળી જતા. મુંબઈની લોકલ ટ્રેનોમાં બહેનપણાં જલદી થઈ જતાં. હવે એવું બને છે કે પાસે ઊભેલી કે બેઠેલી બહેનો એક સરખી સેલ ફોન કે ટેબલેટ પર સતત વ્યસ્ત હોય ને વાતચીત, વોટ્સઅપ વગેરે કરતી હોય, તે વખતે ઈન્ટરનેટ આમ છાઈ ગયું નહોતું. બહેન મારાથી વયમાં મોટા ખરા, લાગે પણ જરા જાજરમાન અને ખાસ મળતાવડા પણ નહીં, એ પણ રોજ કશે જતા જેમાંથી ધીરે ધીરે ઓળખાણ થઈ. થોડાં વર્ષ પછી એ જાણે અલોપ થઈ ગયા. મને એમ કે હવે એ બીજી ટ્રેનમાં જતા હશે, પણ ના, એમની દીકરીનો અમેરિકાથી ફોન આવેલો કે તમે અત્તરિયાળ અહીં આવો, એના પતિને અકસ્માત નડેલો, દિયર જોડે રહેવા આવેલો પોતાને દોડાદોડી અને એને રજા પણ મળી મળીને કેટલીક મળે? આ બહેન ઘર સાચવવા ને રસોઈ કરવા પહોંચી ગયેલાં ત્યાર પછી એમનું ગ્રીનકાર્ડ દીકરીએ સ્પોન્સર કર્યું. આ બહેન અને એમના પતિ, બંને માટે. કાળક્રમે એમનો વારો આવ્યો અને એ બંને ત્યાં પહોંચી ગયાં. વચ્ચેનાં વર્ષોમાં એમના વિધવા સાસુનું અવસાન થયેલું એટલે હવે એમની અહીં જવાબદારી રહી નહોતી. હવે તો નાની દીકરી પણ અમેરિકામાં રહીને ભણતી હતી અને એને માટે પણ ત્યાંનો જ મુરતિયો શોધવાની તૈયારી કરવાના હતા, એકાદ વાર અમેરિકાથી એ બહેન સ્વદેશ આવેલા પણ ખરા, વળી બેચાર વર્ષ થયાં કે બહેન પાછાં અહીંયા, 'સારું છે કે મેં મારું ઘર કાઢી નાખ્યું નહોતું.' વાત કરતાં એમણે કહ્યું. પૂછ્યું કેમ તો કહે, હું કાંઈ ત્યાં ઢસરડા કરવા ગઈ'તી? ઠીક છે, જ્યાં હોઈએ ત્યાં જરૂર મદદરૂપ થઈએ પણ આપણો પણ એ લોકોએ વિચાર કરવો જોઈએ ને!' બનેલું એવું કે આ બહેન પતિ જોડે આખો દિવસ ઘરમાં બારીમાંથી બહાર જોયા કરવાનું. 'પાંજરાપોળમાં હોઈ એ રીતે.' એમણે પોતાના શબ્દમાં કહેલું, કહે કે પોતાની જ દીકરી માને કામવાળી જેમ રાખે તો ફરિયાદ કરવા ક્યાં જવું? થયેલું એમ કે દીકરી કામેથી ઘરે આવતી હોય ત્યારે રસ્તામાંથી ફોન કરે કે શું બનાવવું ને કેવી રીતે બનાવવું. એને એક દીકરો થયેલો તેનો રોજ ડબ્બો ભરવાનો જેથી એ સ્કૂલમાં કાંઈ માંસાહારી ખાય નહીં, હજી બહુ મોટો થયો નહોતો કે ખોરાકની બાબતમાં સમજે, 'સવારે એ લોકો સિરિયલ ખાઈને ભાગે.' પછી બાકીનું માતાએ સંભાળવાનું એમાં અમેરિકામાં એવા રિવાજ કે જેટલી વાર વૉશ બેઝિન વાપરો એટલી વાર એને કોરું કરવાનું, ન થયું હોય તો પેલી એને ટોકે એ વખતે તો હિન્દી ચેનલો પણ ત્યાં આવતી





## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત

**શ્રી કાનજી ભાણજી મોતા અને શ્રી દેવકાબાઈ કાનજી મોતા, તેરાવાલા**

**શાળા ફી, પુસ્તક સહાય ફંડ**

આ ફંડ દ્વારા ભારતભરમાં રહેતા અને ધોરણ કે.જી. થી ધોરણ ૧૦માં અભ્યાસ કરતા કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને શાળા ફી-પુસ્તક સહાય અપાય છે.

**ફૉર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૦મી જુન ૨૦૧૭ છે.**

**-: અરજીફોર્મ મેળવવાનું તથા ભરીને પાછું આપવાનું સ્થળ :-**

**શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ**

શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ,

ન્યુ લક્ષ્મીનિવાસ, કામાલેન, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૬.

ફોન : 022-2513 3174 / 2510 0157

Website : www.kdoedu.com

સોમવાર થી શનિવાર સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૩૦ દરમ્યાન તેમજ

રવિવારે સવારે ૧૧.૩૦ થી સાંજે ૪.૩૦ સુધી સંસ્થાની ઑફિસેથી :

**નોંધ : વાર્ષિક પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીઓ પણ અરજી કરી શકે છે...**

**-: જ્ઞાનદાન શ્રેષ્ઠદાન :-**

નહોતી તો માબાપ શું કરે? બહેને તો ગ્રીનકાર્ડ પાછું આપી દીધું ને સ્વગૃહે ફરીથી વસવાટ કરી લીધો.

આ પેઢી માટે સેંડવિચ જિંદગી જેવો શબ્દ વપરાય છે. આ સ્ત્રીઓ એવી છે કે જે પ્રમાણમાં જુનવાણી સાસરિયા જોડે એડજસ્ટ થઈને રહી છે. ચડભડ થાય તો પણ મોટે ભાગે એમણે સાસુની પરંપરાઓ સાચવી છે, જ્યારે પોતાનું ચલણ વધ્યું ત્યારે છોકરાંની ડિમાંડો પણ વધી, રોજ રોજ દાળભાત, રોટલી, શાક કે ખીચડી વગેરે નહીં, પણ નવી આઈટમો જોઈએ. ત્યાર પછી તો છોકરાં સ્વાભાવિક રીતે પોતાને અનુકૂળ હોય અને પોતાની તરક્કી જ્યાં થવાની હોય ત્યાં જ જઈને વસવાટ કરે, એક રીતે એને તિર્યંક યોનિનો અવતાર કહેવાય કારણ કે પોપટ, ચકલી વગેરેમાં હોય છે જ કે માબાપ પોતાનાં બાળકોને ચાંચમાં ચાંચ નાખીને ખવડાવે ને પછી બચ્ચા ઊડી જાય ને મોટાં થઈ પોતાનાં બચ્ચાંને ખવડાવે, પ્રાણીઓમાં પણ તેમ જ છે, આમ ઊડીને અમેરિકા, યુરોપ, ઓસ્ટ્રેલિયા જઈ વસેલાં બાળકો કરી કરીને પણ માબાપનું કેટલુંક કરે? કેલિફોર્નિયામાં પોતાના અદ્ભુત સામાજિક સહાય માટે જાણીતા શ્રી હરિકૃષ્ણ મજમુદારનું કહેવું છે કે ઘરડાં માબાપ માંદાં પડે તો વારે વારે સંભાળ લેવા કોણ જાય? એ કારણે પણ માબાપને બોલાવી લે પણ પેલા લોકોને પાછલી ઉંમરે પોતાની જાણીતી જગ્યાઓ, પોતાનાં પાડોશીઓ, પોતાના મોદી, દૂધવાળા, શાકવાળા વગેરે યાદ આવે, મોટી વયે નવાં કાંઠા ચડે નહીં ને સાવ જુદી જાતના સમાજમાં રહેવું ભારે પડે.

વાર્તાકાર ઈલા આરબ મહેતાએ કદાચ આ પ્રશ્ન સૌથી પહેલી વાર ઉઠાવેલો કે પચાસ વર્ષે કોઈ સ્ત્રીને થાય કે છોકરાં ભણાવી, પરણાવી હવે પોતે મુક્ત થઈ કાંઈક યોગાસનો કરે, કશે સત્સંગમાં જાય, ક્યાંક સમાજસેવા કેન્દ્રમાં સહાય કરવા જાય કે અભરાઈ પર રાખેલાં પુસ્તકોનું અધ્યયન કરે એવી ઈચ્છા રાખે પણ એવું થઈ શકતું નથી. પુત્રવધૂને પોતાની કરિયર હોય તો એનાં બાળકોની કોણ સંભાળ રાખે? મધ્યમવર્ગી હોય તો બધાંનાં ટિફિનો ભરવા કોણ રસોઈ કરે? દીકરીએ કોઈ નવો કોર્સ શીખવાનું નક્કી કર્યું હોય તો બપોરે એના દીકરાને કોણ સંભાળે? એ પોતાની મા પાસે મૂકી જાય અને માતાનો પોતાને માટેનો સમય ગાયબ. પોતે સેંડવીચની બે બ્રેડ સ્લાઈસ વચ્ચેનો મસાલો, આગવી પેઢી અને પાછલી પેઢીની વચ્ચેનો.

યુગપરિવર્તન હવે વધુને વધુ ઝડપથી આવતું જાય છે, પાંચ વર્ષમાં તો તમારા બધા ગેજેટો આઉટ ઑફ ડેટ થઈ જાય છે, પછી એ સેલફોન હોય, કમ્પ્યૂટર કે મોટરકાર, તો પછી પરિવારમાં પણ દસ પંદર વર્ષે તો માણસ આઉટ ઑફ ડેટ થઈ જ જાય ને! આવાં પરિવર્તનો અને એમાં સ્ત્રીઓની કઠણાઈ માત્ર હમણાં જ થાય છે એવું નથી, એના એંધાણ એકબે પેઢી અગાઉ પણ દેખાવા માંડેલા પણ વાત્સલ્યના વંટોળિયામાં સ્ત્રીઓની ઈચ્છાઓ, આકાંક્ષાઓ, આરામ કે મનોરંજનની તકો વગેરે એવું ઊડી જતું કે બહેનોને પોતાને પેલી ટ્રેનમાં મળેલી બહેનપણી જેવી સ્પષ્ટતા નથી. જાણમાં આવેલા એક બહેન પોણી જિંદગી સાસુના સખત દબાવમાં રહેલા, પતિ એકદમ માવડિયા અને મિજાજી. દીકરાવહુને પહેલા જ પહેરેલે લૂગડે જુદા કરી દીધેલા. એક રૂપિયો કે વાસણ કે કશું જ નહીં આપેલું, પણ દીકરીએ જે કર્યું તેમાં દેખાય કે જેને કોઈ ન પહોંચે તેને એનું પેટ પહોંચે! દીકરી માટે માતાને મમત્વ વધારે હતું. પોતે એને દરેક વાતે છાવરી લે, દીકરીએ પરનાતમાં પ્રેમલગ્ન કર્યા. પેલા ભાઈની ઝાઝી પહોંચ નહીં ને સંસાર ચલાવવા ઘર લેવાની એકેની ત્રેવડ નહીં, બાઈના પિયરથી દૂર રહેવા જાય તો એમને માટે રસોઈપાણી કે બાળસંભાળના ઢસરડા કોણ કરે? છેલ્લે બધું આવ્યું માતાને માથે, વર કે સાસુએ ઠોકેલાં બંધનોથી છૂટ્યા તો પણ ન ચારધામ જાત્રાએ જઈ શક્યાં કે ન કોઈ ધાર્મિક અભ્યાસ માટેનાં મંડળોમાં. દીકરી ફોન કરે તે મુજબ એમણે કૂકર ચડાવી દેવાનું. લોટનાં પીંડા તાણીને રોટલીઓ કરી રાખવાની, આખી જિંદગી એમાં જ ગઈ. આભને અડી શકવાની તાકાત એમનામાં હતી એવું એમને લગ્ન અગાઉ જાણતા લોકો કહેતા પણ છેલ્લે સેંડવીચ બનીને એ ખાબોચિયામાં ફેંકાયાં.

પોતાનાથી આગલી પેઢીના નિર્ણયો મુજબ જીવવાનું હતું અને હવે પોતાના પછીની પેઢીના નિયમો મુજબ જીવવાનું છે, આ વચલી પેઢીની બહેનોની જિંદગી સેંડવીચ કહેવાય તેમાં નવાઈ શી?

**- સોનલ શુક્લ,** મુંબઈ સમાચારમાંથી સાભાર


॥ શ્રી મહાવીરાય નમઃ॥

શ્રી જખૌ મહાજન
Estd.1966

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ જખૌ મહાજન**
અને
**શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ**
જય જીનેન્દ્ર સાથે જણાવવનું કે ચાર્તુમાસ પ્રવેશમાં
ગામવાસીઓને અને નિયાણી બહેનોને
આવવા સહકુટુંબ પધારવા ભાવભર્યુ નિમંત્રણ
ત્થા
પર્યુષણ મહાપર્વની આરાધના કરવા માદરે વતન જખ્ખૌ
**શ્રી મહાવીરસ્વામી ભગવંત**
ની સાનીધ્યમાં ભવ્ય ઉજવણી કરવા આપસૌ ગામવાસીઓને
અને નિયાણી બહેનોને સહપરિવાર પધારવા
હાર્દિક આમંત્રણ.............
**શનીવાર તા.૧૯-૮-૨૦૧૭ થી રવિવાર તા.૨૭-૮-૨૦૧૭**
(જેમણે પર્યુષણ મહાપર્વમાં જખ્ખૌ આવવાનું હોય તેમણે
પોતાની રીતે પોતાની ટીકીટો કઢાવી લેવા નમ્ર વિનંતી.)
લી.
માનદ મંત્રી
**શ્રી જયંતીલાલ દેવશી મૈશેરી - શ્રી ચાંપશી ડુંગરશી હેફા**

।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।

# સાંધવ ગામે વાછરાદાદાની પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

**તા.૨૧-૪-૨૦૧૭ શુક્રવાર**ના સવારના માંડવા રોપાયા, તોરણ બંધાયા વાછરાદાદાનું નુતન મંદિરમાં વાસ્તુપૂજા ભણાવવામાં આવેલ બપોરના દેરાસરજીમાં પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવેલ. શ્રી શાંતિગૃપની બહેનો ભણાવેલ. સાંજના ભવ્યાતી ભવ્ય પ્રભુજીની ભવ્ય અંગરચના રાત્રે મહાકાળી માતાજીની ભાવના ભણાવવામાં આવેલ. એમનો લાભ શ્રી શામજી પાસુ પટેલ પરિવારે સાંધવ વાળાએ લાભ લિધેલ. પૂજા તેમજ ભાવનાની રમઝટ કિશોર શંગાર જમાવેલ. સવારના લાલછતાપીરની પહેડી પ્રસાદ, પંજોરાપીરની પેડીપ્રસાદ તેમજ સાંધવગામમાં સર્વે દેવ-દેવસ્થાન માતાજી પીરઓની બધાની પહેડી પ્રસાદ તેમજ સર્વેને ચુંદડી, વસ્ત્રો અર્પણ કરવામાં આવેલ. પીરની દરગાઓઉપર ચાદર ચડાવવામાં આવેલ. બ્રહ્મ ભોજન કરાવવામાં આવેલ સર્વેનો લાભ **શ્રી જયેશ માણેકજી લોડાયા સાંધવવાળા** લિધેલ.

**તા.૨૨-૪-૨૦૧૭ શનિવાર**ના સવારના પ.પૂ. સાંધવતારક કંચન સાગરજી મ.સા. પધારતા તેમનો સામૈયો કરવામાં આવેલ. ત્યારબાદ નુતન-મુર્તિઓનું નગરપ્રવેશ ભવ્યસામૈયું કુંદનપુરીનગરોમાં વિધી મંડપ ભૂમિપૂજન ગણપતીપૂજન આવાહીત સ્થાપિત દેવતા પૂજન, સરસ્વતી પુન્યાહવાંચન, શાંતિપાઠના લાભાર્થી પરિવાર અ.સૌ. ભારતીબેન ભદ્રીચંદ ભવાનજી દંડ પરિવાર ગામ છાદુરાવાળાએ લાભ લિધેલ. બપોરના દેવી-દેવતાઓનું પૂજન હવન આરતી, ચંદીપાઠ, હનુમાનજીનો લોટ પ્રભુજીની ભવ્ય અંગરચના ભક્તિભાવના, મહેંદીરસમ, દાંડીયારાસના લાભાર્થી પરિવાર માતુશ્રી જયાબાઈ ચત્રભોજ દંડ પરિવાર હસ્તે અનીલ દંડ, ગામ મંજલ-ભાંડુપ, મહેંદી લગાવનાર-હીના ગાલાની, એકતા દંડ, હર્ષીતા ગાંધી, યોગીતા મોતા, હેતલ પટેલ, ઉર્વષી પટેલ, મીના દંડ, પ્રેક્ષા ખોના એમની ખૂબ ખૂપ અનુમોદના.

**તા.૨૩-૪-૧૭ રવિવાર**ના સવારના નાગડા પરિવારના ઘરે જુનુ નારિયળ ૧૫૦ વર્ષ પહેલા મંદિર માટે આપવામાં આવેલ તે શ્રીફળ વાજતે-ગાજતે લઈને દાદાના મંદિરમાં પધરાવવામાં આવેલ.

શોભાયાત્રા ગામ પ્રદક્ષણિા જલયાત્રામાં સ્થાપિત દેવતા પૂજન, જલ યાત્રા, જલાધીવાસ, સીતજલ સાતસ્થળ માદકા પૂજનના લાભાર્થી નાગડા પરિવાર સાંધવ લાભ લિધેલ.

અનેક તીર્થોના તથા ભારતની પુણ્યનદીઓના પાવન જલથી તમામ પ્રતિષ્ઠા મૂર્તિઓની અભિષેક સ્પનવિધિ સાતજલ માતુકા પૂજન. અગ્નીસ્થાપના, દેવતા પૂજનનો લાભ **અ.સૌ. ડીમ્પલ સમીર શામજી દંડ સાંધવ** વાળાએ લાભ લિધેલ.

શ્રી વાછરાદાદા, તેમજ નુતન પ્રતિમાજીઓને વાજતે ગાજતે, શુભ મુહર્તે શોભાયાત્રાની શુભશરૂઆત વાછરા દાદાને રથમાં લઈ બેસનાર લાભાર્થી પરિવાર **માતુશ્રી વિમલાબેન ખીમજી દંડ વાપી** અને **માતુશ્રી જ્યોત્સનાબેન દામજી દંડ પરિવાર-ભાંડુપ** ગણેશજીને લઈ લાભાર્થી **શ્રી વિરચંદ મેઘજી ખોના, ડોંબિવલી.** ખેતરપાળદાદાને લઈ લાભાર્થી **શ્રી પ્રવિણ કુંવરજી મોતા** વાછરાદાદાની નુતન મુર્તિઓને લઈ લાભાર્થી **શ્રી લાલજી લખમશી દંડ પરજાઉ,** વાછરાદાદાને ફોટો લઈને **માતુશ્રી હીરબાઈ નારણજી માલશી લોડાયા પાલીતાણા,** ધ્વજદંડ, કળશ, ધ્વજાલઈને લઈ લાભાર્થી પરિવાર સંઘમાતા **ભારતીબેન ભાગચંદ જૈન-કોઠારા,** વસ્ત્રો લઈને બેસનાર લાભાર્થી **માતુશ્રી જયાબાઈ ચત્રભોજ દંડ પરિવાર-મંજલ,** થાળ લઈને બેસનાર લાભાર્થી **અ.સૌ.યજ્ઞા જયેશ લોડાયા-સાંધવ.** ફળ, નૈવેદ્ય લઈ બેસનાર **માતુશ્રી લીલાવંતીબેન વિસનજી સોની-જખૌ,** આભુષણો લઈને **શ્રીમતી વિજયા ગોવિંદજી પટેલ-મુલુંડ,** વેલમાં ઉપકરણો લઈને **શ્રી અનીલ ચત્રભોજ દંડ-મંજલ,** શોભાયાત્રામાં-**દીશા બેન્ડ પાર્ટી,** વિરમગામ ઢોલ, શરણાઈ, બેડા લઈને બહેનો, જળના કળશા લઈને કુમારીકાઓ, ધજા લઈને અશ્વો ઉપર બેઠેલા-બાલુડાઓ, દાદાના રથની બાજુમાં ખુલી તલવારો લઈને ચાલનાર ભૂવાશ્રીઓ, રથના આગળ, ધૂપ-અગરબતી, ધારાવાડી ગામેગામથી માનવ મહેરામણ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. ઉત્તર દરબારથી શોભાયાત્રા આવતા. ઠંડા-પીણાની વ્યવસ્થા કરેલ. ત્યાં ગાત્રોળ માતાજી ના મંદિરની બાજુમાં દાદાને જલાધીવાસ-વિધી પૂજા કરવામાં આવેલ. ત્યાંથી શોભાયાત્રા દાદાના મંદિરે પધારતા. ત્યાં મુર્તિઓને અભિષેક સ્નાનવિધી કરાવી અને નુતન મંદિરમાં પ્રવેશ કરવામાં આવેલ. પોખવાનો લાભ **અ.સૌ. કીંજલ મેહુલ નાગડા-તેરા** અને **અ.સૌ. તેજલ વિનિત ખોના-નલીયાવાળા**એ લિધેલ. બપોરના ૩.૦૦ કલાકે સ્થાપિત દેવતાપૂજન વાસ્તુ મંડલ દેવતા નવગ્રહ હોમ, આરતીના લાભાર્થી પરિવાર **માતુશ્રી મંજુલાબેન (મંગલા) મોહનલાલ સોનેટા-ભુજ** લાભ લીધેલ. ધાન્યાધીવાસ, દેવાનાથ શયનપૂજનનો લાભ **માતુશ્રી બાંયાબાઈ શામજી મોતા ગામ-સુખપરવાળા**એ લિધેલ.

પ્રભુજીની ભવ્ય અંગરચના, ભક્તિભાવના લાભાર્થી **માતુશ્રી લીલાવંતીબેન વિશનજી સોની પરિવાર-જખૌ,** રાત્રે બહુમાન રાખવામાં આવેલ. ૧૩ મહીના સુધી દર સોમવાર ઉપવાસ કરનાર **૧૫ જણ** અને ખાલી પાંચ સોમવાર કરેલ એવા ૫૦ જણની અનુમોદના કરવામાં આવેલ. વિવિધ સર્વે દાતાશ્રીઓનું બહુમાન કરવામાં આવેલ. સાંધવગામે પધારેલ સર્વે ભૂવાશ્રીઓનું પણ બહુમાન કરવામાં આવેલ. વાછરાદાદાના દરેક ગામમાં બનાવેલ મંદિર દાતાપરિવારનું બહુમાન કરવામાં આવેલ.

સર્વ મંદિર બનાવેલ તેમાં સેવાપૂજા કરનાર પૂજારીઓનું તેમજ પ્રતિષ્ઠામાં વિધિવિધાન કરતા **વિનોદભાઈ વ્યાસ, ચાંપશી ડાકલીયા** તેમજ સાંધવગામમાં ૩૦ વર્ષમાં અલગ પૂજા સેવા કરેલ એવાશ્રીઓનું પણ બહુમાન કરવામાં આવેલ. સાંધવગામના ટ્રસ્ટીઓશ્રી, પૂજારીશ્રી મહેતાજી તેમજ દક્ષિણ દરબારના **કનુભા જાડેજા, ખેતુભા જાડેજા, ખાનુભા જાડેજા**, મંદિરનું કામકાજ ચાલું થયેલ ત્યાંથી આજ સુધી લાઈટ-પાણીની વ્યવસ્થા શ્રી ભગુભા હાજુભા જાડેજા, મંદિર બનાવેલ કોન્ટ્રેક્ટર, હુસેન હિંગોરા-કોઠારા, તેમજ, કુબેરજી બાલુભા, મુરૂભા જાડેજા, ભાણુભા જાલા, હઠુભા સોઢા, રઘુભા જાડેજા, સુલેમાન હિગોરા, સરપંચશ્રી જયવિરસિંહ જાડેજા, માજી સરપંચ પ્રતાપસિંહ સોઢા, હુસેન હિંગોરા, દિનેશ રામજી, ભગુભા ગોહીલ, શામત જાડેજા, વિધિવિધાન કરનાર શાસ્ત્રી-મયુરકુમાર વ્યાસ (ભચાઉ), સંગીતકાર કૌશીક બારોટ-પાલીતાણા, રંગોળી કરનાર-કીરણ ગાલા, મંડપ-છેડા ડેકોરેટર-રાયણ, આંગી રચનાર-મેહુલ ગડા, ફોટોગ્રાફર-જોરૂભા જાડેજા, ભાવતા ભોજનીયા બનાવનાર-નારાયણ મહારાજ રાજસ્થાનવાળા, માનજ્યોતના કાર્યકર ભાઈ પ્રબોધ મુનવર તેમજ સર્વેનું અનુમોદના કરવામાં આવેલ. નુંતન મંદિરમાં કાંસાનો સેટ, ઝાલર, ઘંટી, થાળી **માતુશ્રી રસીલાબેન રસિકલાલ ખોના (મોટીખાવડી)** ઇલેક્ટ્રીક મ્યુજીકલ આરતી **ચાંદુભા રાસુભા જાડેજા-રાજકોટ**, ઝરમર સીલ્વરથાળી, આરતી, બતી/કળસ, ધુપદાની, વાટકા **માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ-મુલુંડ**, અંખડદીવો સ્ટેન્ડ **શ્રી પ્રકાશ માણેકજી લોડાયા-થાણા**, રંગબેરંગી ૨ બાજોઠ, ૨ પાટલા **શ્રી કાંતિલાલ કાનજી લાલકા બાંઢીયા**, ઝરમર સીલ્વર-ભંડારો. બેદીવા રાખવાના સ્ટેન્ડ, એક સદ્‌ગ્રહસ્ત ચાંદીનો તોરણ **માતુશ્રી હીરબાઈ કુંવરજી લાલકા-વારાપધ્ધર**, ત્રણ ચાંદીના મોટા છત્ર **માતુશ્રી જયાબાઈ ચત્રભોજ દંડ મંજલવાલા**, ચાંદીનો અંખડ દીવો - **માતુશ્રી મંજુલાબેન મોહનલાલ સોનેટા-ભુજ**, ચાંદીનો કળશીયો (એસ,એસ,જે-જે) ગૃપની બહેનો, ચાંદીના છત્ર નાના ૪ - **નયના મહેશ મોતા-લાલા**. સર્વેનું અનુમોદના કરવામાં આવેલ. સર્વે દાદાના પરિવારોનો અનુમોદના કરવાનો લાભ **શ્રી વિપુલ પટેલ, હીતેશ પટેલ, નીખીલ પટેલ** એ લાભ લીધેલ. રાત્રે ૯.૩૦ કલાકે શ્રી વીર વાછરાદાદાનું (આખ્યાન) જીવનચરિત્રા નાટક મંડળી સંગીતસાથે (રાજકોટ-કોઠારીયા) ગામથી પધારેલ એમનો સંપુર્ણ લાભ - **માતુશ્રી મણીબાઈ ખેતશી લધાભાઈ મોમાયા-સાંયરા-નવી મુંબઈ** હસ્તે **ઉત્તમભાઈ મોમાયા** રાત્રે આખ્યાન જોવા માનવ મહેરામણ ગામેગામથી આવેલ હતા. રાત્રી ૩.૦૦ વાગ્યા સુધી જીવનચરીત્ર ઉપર આખ્યાન નાટક સ્વરૂપે બતાવવામાં આવેલ. સમાધી લઈને આરતી કરવામાં આવેલ.

**રૂા.૧,૧૦,૦૦૦** જીવદયામાં દરેક દાતાશ્રીઓ તરફથી થયેલ. ઉત્તમ મોમાયાએ સારી એવી જયમત ઉઠાવેલ.

**<u>તા.૨૪-૪-૨૦૧૭ સોમવાર</u>** ચૈત્ર વદ ૧૩ સવારના ૬.૩૦ કલાકે વિધિવિધાન જીવન્યાસ પ્રતિમાંન્યાસ સર્વે પૂજનો શરૂ થયેલ. ૭ કલાકે ગંભારો પૂરવાનો થયેલ. સવારના ૧૦ કલાકે પ્રાણપ્રતિષ્ઠા ચલપ્રતિષ્ઠા થયેલ. નુતન વાછરાદાદાની પ્રતિમાંજી પ્રાણપ્રતિષ્ઠા થયેલ તે ચમત્કારી પ્રતીમાંજી કચ્છમાં સાંધવ ગામે પ્રથમવાર જોવા મળશે. ઊભી મુર્તી ગુજરાતમાં ઘણા ઠેકાણે છે. ખેતરપાળદાદાની આલોકીક પ્રતિમાં છે. ગણપતીદાદાની પણ નવી મુર્તિઓ બેસાડવામાં આવેલ. દેવવિમાન તુલ્ય મંદિરમાં વાછરાદાદા-પાબુદાદા રામદેવપીરની ત્રણ મુર્તિ પ્રતિષ્ઠા કરવામાં આવેલ. **પ.પૂ. કંચનસાગરજી મ.સા.**ને વાક્ષસેપ અને માંગલીક દ્વારા પ્રતિષ્ઠા કરેલ. ધ્વજદંડ, ધ્વજારોહણ વાજતેગાજતે કરવામાં આવેલ. તે વખતે બધા જણાને અનેરો ઉત્સાહ હતો. પ્રતિષ્ઠાનો લાભ સંઘવી **શ્રી ભાગચંદ દામજી જૈન પરિવાર કોઠારા** લિધેલ. ત્રણ દિવસ યજમાન તરીકે પૂજનમાં **મીના મુકેશ દંડ, હેતલ હીતેશ પટેલ, ભારતી ભદ્રીચંદ દંડ** લાભ લિધેલ. ત્યારબાદ દાદાના નૈવેદ્ય (જુહાર) કરાવવામાં આવેલ ત્યારબાદ વાછરા દાદાની ગંધીબદલવાનું રાખવામાં આવેલ. બપોરના ગામજમણ રાખવામાં આવેલ. એમનો લાભ **માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવાર-સાંધવ** લિધેલ.

**<u>તા.૨૫-૪-૨૦૧૭ મંગળવાર</u>**ના સવારના ૫.૦૦ કલાકે દ્વાર ઉદ્ઘાટન કરવામાં આવેલ. **જયેશ જૈન, પ્રજ્ઞનેશ જૈન** ના વરદ હસ્તે કરવામાં આવેલ, કુંદનપુરી નગરી, વિધિ મંડપ, ફોટોગ્રાફી, વિડીયોગ્રાફીના લાભાર્થી પરિવાર **માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ સાંધવ** અને **માતુશ્રી હેમલતાબેન નલિનકાંત પદમશી પીર-સુથરી મુલુંડ** જિનાલય તેમજ નૂતન મંદિર દિવડા રોશની મહાપૂજા રંગોળીના લાભાર્થી સંઘવી **શ્રી ભાગચંદ દામજી જૈન પરિવાર-કોઠારા**, મહોત્સવ દરમિયાન જીવદયાનાલાભાર્થી **શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રૃપ મુંબઈ**ના કાર્યકર ભાઈ બહેનો નુતન મંદિરને ફૂલોથી શણગારવામાં આવેલ. શ્યામ ફૂલવાળા-દાદરથી પધારેલ. એમનો લાભ **માતુશ્રી મુરબાઈ રાયચંદ લોડાયા-કોઠારા**વાળા લિધેલ. મહોત્સવ દરમિયાન શાંતિનાથ જીનાલયમાં સવારના પક્ષાલપૂજામાં ભાગ્યશાળીઓ ચડાવા લિધેલ. પર્વપર્યુષણ જેવો માહોલ લાગતો હતો. સવારસાંજ પ્રભુજીની આરતી, ભવ્ય અંગરચના, ભક્તિભાવના વાછરાદાદાના મંદિરમાં તેમજ વિધિ મંડપમાં સવારસાંજના આરતી મંદિર તેમજ ગલીઓને દીવળાઓથી શણગારવામાં આવેલ. સાંધવગામ નગર જેવું લાગતું હતું.

શ્રી વાછરાદાદાના દેવવિમાનતુલ્ય સંપૂર્ણ નૂતનમંદિરના નિર્માણદાતા - **સંઘમાતા ભારતીબેન ભાગચંદ દામજી જૈન પરિવાર કોઠારા-મુલુંડ**, પુત્ર-પુત્રવધુ **અ.સૌ. હીના જયેશ જૈન, અ.સૌ. હીના પ્રજ્ઞેશ જૈન, અ.સૌ. બિજલ લોકેશ જૈન, પૌત્ર-કરણ લક્ષીત, જુગલ, સૌમ્ય જૈન, પૌત્રી-ચિ. પ્રિયા જયેશ જૈન પરિવારે** લિધેલ.

શ્રી વાછરાદાદાના નૂતન મંદિરના ભૂમિદાતા – **માતુશ્રી વિમલાબેન ઠાકરશી લાલજી પટેલ પરિવાર સાંધવ, પુત્ર-પુત્રવધુ-અ.સૌ. પ્રિયા વિપુલ પટેલ, અ.સૌ. ભાવના રાજેશ પટેલ,પૌત્ર-પૌત્રી-નેવિલ, સ્મિત, પલક, પ્રિયાંશી.**

શ્રી અનપૂર્ણાનગરી (ભોજનખંડ) ના લાભાર્થી પરિવાર – તા.૨૧-૪-૨૦૧૭ થી તા.૨૫-૪-૨૦૧૭ સંપૂર્ણ મહોત્સવ દરમ્યાન પહેડીના ઉજવણી સાથે સાધર્મિક ભક્તિના લાભાર્થી **માતુશ્રી રસીલાબેન માણેકજી મેઘજી લોડાયા પરિવાર-સાંધવ-મુલુંડ, પુત્ર-પુત્રવધુ-અ.સૌ. દીપાલી ચેતન લોડાયા, અ.સૌ. યજ્ઞા જયેશ લોડાયા, અ.સૌ. વર્ષા ભાવેશ લોડાયા, પૌત્રી-પ્રિયાંશી, પ્રિશા, દેવાશી લોડાયા, પત્રીકા સૌજન્ય – માતુશ્રી જમકુબાઈ લાલજી શામજી પટેલ પરિવાર-સાંધવ-મુલુંડ**

**વિશેષ આભાર – શ્રી. ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવ** સર્વે સ્થાનિક સાંધવ ગામવાસીઓ, આર્કેટેક-**શ્રી દીપકભાઈ સોની-માંડવી**, કોન્ટ્રેક્ટર-**શ્રી હુસેનભાઈ હિંગોરા-કોઠારા**-B.A.P.S. સ્વામિનારાયણ મંદિર સારંગપુર, **શ્રી પ્રવિણભાઈ સોમપુરા મુંબઈ શાંતિજિન ગૃપ**ના કાર્યકાર ભાઈ-બહેનો.

સાંધવગામે વાછરાદાદા **૨૮૬ વર્ષ** પહેલા સાંધવગામના **શેઠશ્રી ભારમલ નાગડા** વેપાર વાણિજ્ય માટે સિંઘ અવારનવાર જતા હતા. ત્યાંથી તે દાદાને તેડીને સાંધવ ગામે સ્થાપિત કરેલ છે. દાદાના આદેશ મુજબ અત્યાર સુધી વાછરાદાદાના સ્થાનમાં થઈ ગયેલ ભુવાશ્રીઓ **(૧) શેઠશ્રી ભારમલ નાગડા (૨) લધા ભારમલ નાગડા, (૩) કુડધર લધા નાગડા (૪) શામજી પાશ્વીર પટેલ (૫) લાલજી શામજી પટેલ (૬) શ્રી ઠાકરશી લાલજી પટેલ ૧૯૯૪થી જયેશ જૈન, ઠાકરશી પટેલ**ની મંદિર બનાવવાની જે ઇચ્છાહતી તે ઘણાં વર્ષો પછીઆ સ્વપ્નું સાકાર થયું.

જેઠ વદ ૭ તા.૨૬-૬-૨૦૧૬ દાદાનું નવુસ્થાન બનાવવા માટે જગ્યાનું નક્કી થયેલ.

આષાદ સુદ ૧૩ તા.૧૭-૭-૨૦૧૬ના ખનનવીધી, આષાદ વદ ૧૩ તા.૩૧-૭-૨૦૧૬ના શિલારોપણ

શ્રાવણ વદ ૨ તા.૨૦-૮-૨૦૧૭ દાદાની ઉસ્થાપના વિધી

ફાગણ સુદ ૧૩ તા.૧૧-૩-૨૦૧૭ના અખંડજ્યોત ઝીંઝુવાળા રણમાંથી લઈ આવેલ હાલ અખંડજ્યોત ચાલુ છે.

ચૈત્ર વદ ૧૩ તા.૨૪-૩-૨૦૧૭ પ્રતિષ્ઠા થયેલ.

૧૬ મંદિર વાછરાદાદાના અલગ અલગ ગામોમાં થઈ ગયા.

૧૭ મંદિર સાંધવમા થયેલ ૨૦૧૭ સાલમાં

જે અમારા આમંત્રણને માન આપી દેશ-વિદેશથી. તેમજ સાંધવ ગામવાસીઓ, નિયાણી બહેનો, આમંત્રીત મહેમાનો, મીત્ર વર્ગ, સંગાસંબંધીઓ, શાંતિજિન ગૃપના કાર્યકર ભાઈ-બહેનો સર્વે પધારેલ તે બદલ સર્વેનું ખૂબ ખૂબ આભાર. તેમજ વિવિધ દાતા પરિવારોનું ખૂબ ખૂબ અનુમોદના મુંબઈથી શેઠશ્રી **હંસકુમારભાઈ, નયન ભેદા, પ્રવિણ લોડાયા, પ્રજ્ઞેશ જૈન, વિનોદ ડાઘા, ચેતન ભેદા, દેવેન ધરમશી, મીલન ધરમશી, ઉત્તમ મોમાયા, નિપેશ પટેલ, તિલક લોડાયા, કુલીનભાઈ પીર, ભરત જીવાણી, કુંવરજીભાઈ લોડાયા, મણીલાલ લોડાયા ગુંદરવાળા, ભદ્રીકભાઈ દંડ, નરેન્દ્ર દંડ, લહેરચંદ લોડાયા, જીતેન્દ્ર સાચા, હરીશ શિયાળ, વિરેન્દ્ર લોડાયા, વિનીત ખોના, જયંત શાહ, ભૂપેન્દ્ર ડાઘા, પંકજ ધરમશી, સંજય ખોના, પરેશ ખોના, જતીન મોતા, જીતેન્દ્ર ખોના, ધનજી મૈશેરી, પુનશી મૈશેરી, અનીલ દંડ-ભાંડુપ, વિનોદ લાલકા, બિપીનભાઈ સોનેટા, કીર્તી ધરમશી, શૈલેશ યાજ્ઞિક, કૌસલ સંઘાણી, રવિન્દ્ર પુરોહીત, અનીલ ચંડા, અતુલ ધરમશી, મનીષ નાગડા, હીરજી નાગડા, બકીમ દંડ, રાજેશ દંડ, કેતન દંડ, સુનીલ શાંચા, હિરાચંદ ધ્રોળ, ગુલાબભાઈ ધરમશી-વિરાર, કિંકેશ મૈશેરી, કુમાર મૈશેરી, હીરેન ધરમશી, રાજેન્દ્ર ડાઘા, રમેશભાઈ લોડાયા-ભરૂડીયા, પરેશ માલદે, દામજી અગરબત્તીવાલા, જયેશ મૈશેરી, પુનશીભાઈ લોડાયા, દામજીભાઈ લોડાયા, દેવકરણ દંડ, ગોવિંદજી મૈશેરી, પંકજ લોડાયા, પંકજ મોતા, નીતીન જૈન, અમેરીકા-સુનીલ ગોલીયા, હૈદરાબાદ-ગુલાબભાઈ મોતા, લોનાવલા-રમેશભાઈ મૈશેરી, હેમંત મોતા, ઇન્દોર-હીરાચંદ લાલકા, અમદાવાદ-મહેન્દ્ર ખોના, જીતેન્દ્ર ખોના, ચંદ્રેશ લોડાયા, પ્રકાશ રાજવીર, દિનેશ મૈશેરી, પદમશી ડાઘા, રાજકોટ-પી.સી.જાડેજા, મહેશગર ગોસ્વામી, રસીકગર, પ્રેમગર, કલકતા-પદમશીભાઈ પટેલ, દિનેશ પટેલ, કોલમ-કીરણ પટેલ, લોકાપુર-ગીરીશ લોડાયા, મલકાપુર-પ્રતાપ લોડાયા, અમલનેર-પ્રતાપ ખોના, વરોદરા-કુલીનભાઈ કારાણી, વાપી-મુકેશ દંડ, ખુશાલ મૈશેરી, અંકલેશ્વર-નવીનભાઈ મૈશેરી, શેવગાંવ-શરદ દંડ,ખામગામ-જતીન લોડાયા, જલગામ-હિરાચંદ મોમાયા, પાલીતાણા-કીરણ લોડાયા, ખંડવા-લક્ષ્મીચંદ દંડ, ધાવણગીરી-અમીત નાગડા, કારંજા-દેવેન્દ્ર ગોસર, જામનગર-ગુલાબભાઈ નાગડા, ભરૂડીયા-નથુભા પરમાર, રંગપુર રામજી ગોવા, દેવણાંતભાઈ આહેર, સાંધવગામના શામજીભાઈ દંડ, ભવાનજી લોડાયા, રશિક લોડાયા, દિનેશ લોડાયા, વર્ધમાન લોડાયા, પ્રકાશ લોડાયા, નવિન લોડાયા, રાયચંદ દંડ, લક્ષ્મીચંદ દંડ, નરેન્દ્ર લોડાયા, મયુર નાગડા, શરદ લોડાયા, ભરત ખોના, જવેરચંદ ખોના, ઉમેશ ખોના, મણીલાલ ખોના, નેણશી ખોના, હરીશ ખોના, માણેકજી લોડાયા (બાબુકાકા), કિશોર લોડાયા, રાજેશ દંડ, રોહીત દંડ, ચેતન દંડ, સમીર દંડ, જીતેન દંડ, નિલેશ દંડ, પરેશ દંડ, પ્રવિણ મોતા, વિરચંદ ખોના,**

**વિપુલ પટેલ, જયેશ લોડાયા, અભય લોડાયા, વિપુલ લોડાયા, દિપક લોડાયા, કાંતિલાલ લોડાયા, મધુકાંત લોડાયા, ખુશાલ પટેલ, જીતેન્દ્ર દંડ, દીપક દંડ, લાભેન્દ્ર રાજગોર, પ્રાણજીવન રાજગોર, શામત જાડેજા, ભગુભા ગોહીલ, નરેન્દ્ર ગોહીલ, ભરત લોડાયા, પ્રદીપ ખોના, પરેશ પટેલ, દીલીપ પટેલ, ચંદ્રેશ સોની, દીલીપ લોડાયા, હીરેન લોડાયા, ગાંધીધામ-અરવિંદ લોડાયા, ભદ્રીકભાઈ મૈશેરી, મહેશ લાલકા, કાંતીલાલ લાલકા, લાધુભા જાડેજા, વિપુલ લાલકા, ભુજ-પ્રબોધ મુનવર, ચંદ્રકાંત મુનવર, હરીચંદ્ર જાડેજા, હરીશ લોડાયા, કેશુભા જાડેજા, કીરણ નાગડા, કિશોર સાંચા, મુન્દરા-મધુકાંત મોતા, ભદ્રીક દંડ, મોટીસિંધોડી-મુળરાજભાઈ ગઢવી, નલિયા-કિરણ મોતા, રાયચંદ ડાઘા, મહેશ નાગડા, તેરા-રમેશભાઈ દંડ, લક્ષ્મીચંદ ધરમશી, જખૌ-તિલક મોમાયા, અશોક મૈશેરી, રાપર-વિપુલ શિવજી, રાજેશ લોડાયા, આરીખાણા-લક્ષ્મીચંદ લોડાયા, ડુંગરશી જાડેજા, સાયરા-મણીલાલ મોમાયા, પૂજારીશ્રીજી, મંજલ, નારાણજી દંડ, મંગલ લાલકા, વરાડીયા-દેવેન્દ્ર પટેલ, દેઢીયા-ચેતન ખોના, ભરત લોડાયા, કોઠારા-ધનપતી લોડાયા, પ્રભાતસિંહ જાડેજા, વર્ધમાન લોડાયા, દિનેશ મોતા, ગુલાબ મોતા, મહેન્દ્ર ડાઘા, મુરજી લોડાયા, તેમજ જૈન-જૈનેતર-ગામેગામથી-પોલડીયા, ઉનરોઠ, કારોતરા, ખીસરા, બાંઢીયા, કુંવાપધ્ધર, નુધાતળ, હાજાપર, ભાચુંડા, રવા, બિટીયારી, કોઠારા, જખૌ, વડસર, વારાપધ્ધર, સાયરા, સુથરી, ખુડો, સુખપર પરજાઉ, લાલા, અકરી, સુડધ્રો, છાડુરા, ભવાનીપુર** થી પધારેલ.

બહારગામથી અમેરીકા, દુબઈ, મુંબઈ, લોનાવલા, મલકાપુર, જલગામ, ચાલીસગામ, અમલનેર, બૈંગલોર, કોલમ, કલીકટ, ભાગલકોટ, ધાવણગીરી, લોકાપુર, ખંડવા, હૈદરાબાદ, પુના, ઇંદોર, કાંરજા, વાપી, અંકલેશ્વર, વડોદરા, અમદાવાદ, રાજકોટ, દલતુંગી ઉમરગામ, ભરૂડીયા, રંગપુર, ભચાઉ, ગાંધીધામ, ભુજ, પાલીતાણા, નખત્રાણા, નેત્રા સર્વે ગામોના આગેવાનો હાજર રહ્યા હતા. સાંધવ ગામના બહારગામ વસતા, ક્ષત્રીય સમાજ, બ્રાહ્મણ સમાજ, ગૌસ્વામી સમાજના સારી સંખ્યામાં હાજર રહ્યા હતા. તેમજ **શાંતિજિન ગ્રુપના** કુસુમ લાલકા, કીરણ દંડ, નિતીન ધરમશી, મનીષ પીર, સોમચંદ નાગડા, મનોજ ગાલા, જયેશ લાલકા, મહેશ મોતા, કેવલ લાલકા, રાજેશ મૈશેરી, અભિષેક લોડાયા, રાજેશ ધનજી, અંકિત ધરમશી, કૃણાલ ધરમશી, મિથુન પટેલ, બ્રિજેશ પટેલ, નિલેશ ખોના, ધવલ દંડ, અક્ષય લોડાયા, રાજેશ પટેલ, ભાવિન મોતા, ડોલર લોડાયા, વિશાલ લોડાયા, કસ્તુરીબેન લોડાયા અને ઇલાબેન ખોના, ભારતીબેન છેડા, જયાબેન સોની, અમીતા મોમાયા, જયા મુનવર, ગુણવંતી મોતા, મીના નાગડા, મીના દંડ, નયના મોતા, ધનબાઈ લાલકા, નીતા નાગડા, રસીલા ખોના, જોસના દંડ, જાગૃતી મૈશેરી, ભારતીબેન નાગડા, મધુરીબેન ચાલીસગામ, નીર્મલાબેન મોમાયા, કાંતાબાઈ ખીમજી, વિમલાબેન મૈશેરી, જયશ્રી ખોના, ધનલક્ષ્મી મૈશેરી, કલ્પનાબેન લોડાયા, રેખા લોડાયા, સર્વ જણ હાજર રહ્યા હતા. કાર્યને સફલ કરવા. સર્વ ગૃપના ભાઈ-બહેનોએ સારી જહેમત ઉઠાવેલ. ઉતારાની વ્યવસ્થા માટે પોતાના મકાનો ખોલી આપેલ મા. મણીબાઈ કુંવરજી મોતા, વિમલાબાઈ ખીમજી દંડ, ભાવેશ દંડ, દિનેશ લોડાયા, શામજી દંડ, મણીબાઈ માણેકજી લોડાયા, મેઘજી પટેલ, રઘુભા જાડેજા, પીતાંબર પટેલ, નાગડા પરિવાર, પ્રતાપ સિંહ સોઢા, મોહનલાલ રાજગોર, ધોલુભા જાડેજા, અજીત સિંહ જાડેજા, લાલજીભાઈ ખોના, સમાજ વાડી તેમજ મહોત્સવનું સફળ કરવા પ્રતાપ સિંહ સોઢા, જયવીર સિંહ જાડેજા, પ્રબોધભાઈ મુનવર, ભદ્રીકભાઈ દંડ, ચેતન ખોના, ભરત લોડાયા, વીરચંદ ખોના, મુકેશ દંડ, રાજેશ દંડ અને શરદ જાડેજા, નોંઘુભા જાડેજા, પંકજ ડાઘા, સુલેમાન હિંગોરા, હુસેન હિંગોરા-કોઠારા, તેમજ ગામવાસીઓએ જે જહમેત ઉઠાવેલ તેમની ખુબખુબ અનુમોદના સહ સર્વેનું આભાર. જાણતા અજાણતા કોઈનું નામ રહી ગયું હોય તો મિચ્છામીડુક્કડમ

લી.

**પ્રવિણ મોતા (સાંધવ-ડોંબિવલી)**
**કીરણ દંડ (પરજાઉ-મુલુંડ)**

।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।

## આપીએ વધામણી

**દાતા પરિવાર સંઘવીશ્રી ભાગચંદ દામજી જૈન**
**ત્રીપુટી બંધુઓ**
**જયેશભાઈ પ્રજ્ઞનેશભાઈ લોકેશભાઈ**

સાંધવગામની ધન્યધરા ઉપર દેવવિમાન તુલ્ય ભવ્યાતી ભવ્ય વાછરાદાદાનું મંદિર નિર્માણ કરાવી તમો ધન્ય બન્યા છો. તે બદલ ખુબ ખુબ અનુમોદના.

અન્નપુર્ણાનગરી ના દિલદારદાતાશ્રી બની જે મહોત્સવ દરમિયાન સાર્ધમિક ભક્તિનો લાભ લિધેલ. **માતુશ્રી રસીલાબેન માણેકજી મેઘજી લોડાયા પરિવાર** સાંધવ-મુલુંડ ને ખૂબ-ખૂબ અનુમોદના.

સાંધવ ગામની પાવન ભૂમિ ઉપર તમે નુતન મંદિરના ભૂમિ દાતા બની પ.પૂ. પિતાશ્રીનું રૂણ ચુકવેલ **રાજેશ અને વિપુલ ઠાકરશી પટેલ (સાંધવ-મુલુંડ)** નું ખૂબ-ખૂબ અનુમોદના.

તમે ત્રણે પરિવારે આ મહાન પુણ્યનું કામ કરીને લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી. પુણ્યાનું બધી પુણ્યનું ભાથું બાધી તમો ધન્ય બન્યા છો. એવી શ્રી શાંતિનાથ દાદા તેમજ શ્રી વાછરાદાદાની મહેર આપણા ઉપર હમેશા વરસ્તી રહે.

**લી. ગોવિંદજી લાલજી પટેલ (સાંધવ-મુલુંડ)**

# ૯૦ મા જન્મદિવસની વધાઈ : તા. ૨૨-૫-૨૦૧૭






## દાનવીર શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા

(લાખણીયા - વડાલા)

**સ્વ. જેઠીમા** તથા **સ્વ. ધારશી દેવજી મોતા** ના

બાહુબલી પુત્રને પ્રભુ તન-મન-ધનથી સ્વસ્થ રાખે એવી પ્રભુને વિનંતી.

**ધારશી કુટુંબના મોભી તમે, છો મોતા કુળનું ગૌરવ....**
**વટવૃક્ષ સમી તમારી છાયામાં, પામે સૌ શીતળ અનુભવ.**

**શુભેચ્છક પરિવાર**

- સ્વ. વેલજી ધારશી મોતા
- સ્વ. અમરશી વેલજી મોતા
- ગિરીશ અમરશી મોતા
- ધરમેશ અમરશી મોતા
- શૈલેશ અમરશી મોતા
- અમર ધરમેશ મોતા
- મયુર ધરમેશ મોતા
- સ્વ. લાખબાઈ વેલજી મોતા
- સ્વ. વિજયાલક્ષ્મી અમરશી મોતા
- સ્વ. વસુમતી ગિરીશ મોતા
- મીના ધરમેશ મોતા
- મીના શૈલેશ મોતા
- ડૉ. નેહા અમર મોતા
- કૌશિક શૈલેશ મોતા

• હેતવી ગિરીશ મોતા • ખુશ્બુ ગિરીશ મોતા • કરિશ્મા ગિરીશ મોતા

**ધારશી પરિવાર – 093222 36890**

# HAPPY BIRTHDAY BAPA


શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન કચ્છ એકમ પ્રેરિત
શ્રી ક.દ.ઓ. જૈન સમુહલગ્ન ટ્રસ્ટ
શ્રી કચ્છ એકમ પ્રેરિત સમુહ લગ્ન ટ્રસ્ટ આયોજીત
૨૭માં લગ્નોત્સવની ઝલક

# શ્રી કચ્છ એકમ પ્રેરિત સમુહ લગ્ન ટ્રસ્ટ આયોજીત ૨૭માં લગ્નોત્સવની ઝલક



# શ્રી કચ્છ એકમ પ્રેરિત સમુહ લગ્ન ટ્રસ્ટ આયોજીત ૨૭માં લગ્નોત્સવની ઝલક



શ્રી ક.દ.ઓ. જૈન કચ્છ એકમ પ્રેરિત અને શ્રી ક.દ.ઓ. જૈન સમુહ લગ્ન ટ્રસ્ટ આયોજીત જ્ઞાતિના ૨૭માં સમૂહ લગ્ન તા.૨૮/૨૯ જાન્યુઆરી ૨૦૧૭ના લીલાશા કુટિયા આદિપુર મધ્યે જ્ઞાતિના ઉદારદિલ સખી દાતાશ્રીઓના સહયોગ અને જ્ઞાતિના આગેવાનો મહાનુભાવો અને બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોની હાજરીમાં બહુજ હર્ષોઉલ્લાસ સાથે સંપન્ન થયેલ જેમાં ૫ (પાંચ) નવયુગલોએ પ્રભુતામાં પગલા માંડી નવદામ્પત્ય જીવનમાં પર્દાપણ કરેલ.

તા.૨૮/૧/૧૭ ના બપોરના ૩.૩૦ કલાકે જાનૈયા-માનૈયાનું વાજતે ગાજતે ઉષ્માંભર્યુ સ્વાગત કરવામાં આવેલ. સાંજે જમણવાર બાદ રાત્રે સમુહ દાંડીયારાસમાં કચ્છી ઢોલ શરણાઇ ઓરગનના સથવારે દાંડિયા રાસની રમજટમાં જ્ઞાતિજનો અનેરા ઉત્સાહ સાથે હરખની હેલીએ જુમ્યા. ઉપસ્થિત મહાનુભાવો ના વરદ હસ્તે કન્યાઓના વડીલોને પાનેતર સુપ્રત કરવામાં આવેલ. આ પ્રસંગે ભુજ વિસ્તારના ધારાસભ્યશ્રીમતી નીમાબેન આચાર્ય અને કચ્છ ભાજપના ઉપપ્રમુખશ્રી ભાવેશભાઇ આચાર્ય ખાસ ઉપસ્થિત રહી વર-કન્યાઓને આર્શિવચન પાઠવ્યા હતા. કાર્યક્રમ બાદ સૌએ અલ્પાહાર નો આનંદ લીધેલ.

તા.૨૯/૧/૧૭ સવારના ચા-નાસ્તા બાદ કન્યાદાનએ મહાદાન પ્રદર્શની ને સમુહલગ્નના મુખ્યદાતાશ્રી ધીરેનભાઇ ચંદ્રકાંત લોડાયા, શેઠશ્રી તરૂણભાઇ લોડાયા, શ્રી રમેશભાઇ દંડના વરદ હસ્તે જ્ઞાતિના મહાનુભાવોની હાજરીમાં ખુલ્લું મુકવામાં આવેલ. વરરાજાઓ નો વરઘોડો સમાજવાસીઓની વિશાળ ઉપસ્થિતિમાં વાજતે ગાજતે નીકળ્યો હતો. જાનૈયાના સ્વાગત પહેલા ભતખાઇયાની વિધિ કરવામાં આવેલ વરરાજાઓ તોરણે પધારતા ત્યાં વરમાળા અને પોખવાની વિધિ બાદ સૌ લગ્ન હોલમાં પધારેલ જયાં બરાબર ૧૦.૧૫ કલાકે હસ્ત મેળાપ અને લગ્નની વિધિ સુંદર કલાત્મક ચોરી મંડપમાં શ્રી હિતેશભાઇ વ્યાસ વારાપધ્ધર વાલાએ શાસ્ત્રોકત રીતે સંપન કરેલ. જેમાં જાનૈયા માનૈયા જ્ઞાતિના અગેવાનો મહાનુભાવો સાથે લગભગ ૧૨૦૦ જ્ઞાતિજનો એ હાજરી આપેલ. લગ્ન વિધિ પૂર્ણ થયા બાદ ૧૨.૩૦ કલાકે સૌએ ખીરવધાઇ આપે-લે સાથે મનગમતા ભોજનીયાનો આનંદ માણેલ. બપોરના બરાબર ૨.૦૦ કલાકે ભવ્યાતિભવ્ય અભિવાદન સમારોહ કચ્છ એકમના પ્રમુખશ્રી મહેશભાઇ લાલકાના પ્રમુખસ્થાને યોજેલ, જેમાં મુખ્ય મહેમાનપદે ગુજરાત રાજયના સંસદિય સચિવશ્રી અને અંજાર વિસ્તારના ધારાસભ્યશ્રી વાસણભાઇ આહિર, અતિથિવિશેષશ્રીઓ ગાંધીધામ વિસ્તારના ધારાસભ્યશ્રી રમેશભાઇ મહેશ્વરી, સમુહલગ્નના મુખ્યદાતા શેઠશ્રી ધીરેનભાઇ લોડાયા, શેઠશ્રી તરૂણભાઇ લોડાયા, મુંબઈ મહાજનના પ્રમુખશ્રી કલ્પેશભાઇ મોતા, સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી ચીમનભાઇ મોતા, ડીબીકેડીઓ, એકમ ના ઉપપ્રમુખ અને નલીયા મહાજનના પ્રમુખશ્રી મુલચંદભાઇ મોતા, શ્રી નયનભાઇ ભેદા, જીડીએના ચેરમેનશ્રી મધુકાન્તભાઈ લોડાયા, આડાના ચેરમેનશ્રી નીરવભાઇ ભારદીયા, ગાંધીધામ મહાજન ના પ્રમુખશ્રી અરવિંદભાઇ લોડાયા, દાતાશ્રી રાજેન્દ્રભાઇ લાલકા, કુવાપધ્ધર મહાજન વતીશ્રી શૈલેષભાઇ મોતા, શ્રી વિનોદભાઇ મોતા, શ્રી પ્રવિણભાઇ મોતા, શ્રી વીરચંદભાઇ મોતા મેઘપર બોરીચીના સરપંચશ્રી ભોજાભાઇ બોરીચા, શ્રી પદમશીભાઇ લાલકા, શ્રી લેરીનભાઇ ખોના, શ્રી રાયચંદભાઇ જીવાણી એ શોભાવેલ.

અમારા આમંત્રણનો સહર્ષ સ્વીકાર કરી અન્ય મહાનુભાવોમાં શ્રી પ્રવિણભાઇ લોડાયા, શ્રી શાંતિલાલભાઇ લોડાયા, શ્રી કમલેશભાઇ સોની, શ્રી ઉત્તમભાઇ મોમાયા, ડો. મધુકાંત ધરમશી, શ્રી હરીરભાઇ ખોના, શ્રી સુનીલભાઇ ગોસર, શ્રી હિતેશભાઇ નાગડા, શ્રી સોમચંદભાઈ લોડાયા, શ્રી કિશોરભાઇ સાંયા, શ્રી રવિભાઇ ભાંબી, શ્રી કુસુમકાંતભાઇ નાગડા, શ્રી અનિલભાઇ સાંયા વગેરે ખાસ ઉપસ્થિત રહી પ્રસંગની શોભા વધારેલ.

પ્રારંભે કચ્છ એકમ સંસ્થાના પ્રમુખશ્રી મહેશભાઇ લાલકા એ સ્વાગત પ્રવચન કરી મહેમાનોને મીઠડો અવકાર આપેલ અને નવદંપતિઓને સફળ દામ્પત્ય જીવનની શુભેચ્છાઓ પાઠવેલ. સંસ્થાના મંત્રીશ્રી લહેરચંદભાઇ ખોના એ સંસ્થાની અત્યાર સુધી થયેલ પ્રવૃતિઓની વિગતવાર સમજ આપી હતી, શ્રી નિરંજનભાઇ લોડાયા એ પ્રસંગનું મહત્વ સમજાવ્યું હતું, શ્રી કલ્પેશભાઇ મોતા, શ્રી ચીમનભાઇ મોતા શ્રી નયનભાઇ ભેદા એ કચ્છ એકમની પ્રવૃતિને બિરદાવી નવદંપીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

શ્રી ધીરેનભાઇ લોડાયા, શ્રી પદમશીભાઇ લાલકા, શ્રી મધુકાન્તભાઇ શાહ, શ્રી મુલચંદભાઇ મોતા એ સમુહલગ્નના કાર્યને મહાન કાર્યને ગણાવ્યું હતું. શેઠશ્રી તરૂણભાઇ લોડાયા અને શ્રી અરવિંદભાઇ લોડાયા એ પ્રાસંગિક ઉદ્દબોધન કરી નવદંપતિઓને આર્શિવચન પાઠવ્યા હતા. આ પ્રસંગે સમુહ લગ્નના દાતાશ્રીઓ અને કન્યાદાનના દાતાશ્રીઓ ને સન્માનિત કરી મોમેન્ટો અર્પણ કરેલ. શ્રી પ્રબોધભાઇ મુનવરનું એમની સેવાકીય પ્રવૃતિઓ માટે મળેલ ધરતી રત્ન એવોર્ડ માટે સંસદીય સચિવશ્રી વાસણભાઇ ના વરદ હસ્તે વિશિષ્ઠ સન્માન કરવામાં આવેલ.

સમારોહના મુખ્ય અતિથી રાજ્યના સંસદિય સચિવશ્રી વાસણભાઇ આહિરે ઉદ્દબોધનમાં સમુહલગ્નના કાર્યને સર્વ શ્રેષ્ઠ ગણાવેલ. આ કાર્ય સમાજને જોડવાનું કામ કરે છે. વિશ્વમાં કચ્છી સમાજનું નામ છે. આપણુ વતન પ્રત્યેનો પ્રેમ કયારેય ઓછો થતો નથી એ ગૌરવની વાત છે. સમુહલગ્ન ના આયોજન સમાજને ખોટા ખર્ચમાંથી બચાવે છે. કચ્છ એકમ સંસ્થાએ સુંદર આયોજન કરી સમાજને એક તાંતણે બાંધેલ છે.

કાર્યક્રમનું સુંદર સંચાલન પોતાની આગવી શૈલીમાં શ્રી પ્રબોધભાઇ મુનવરે કરેલ જયારે આભાર વિધિ મિતેશભાઇ ધરમશી એ કરેલ.

વિદાય કાર્યક્રમમાં રજાની વિધી કચ્છ એકમ સંસ્થાના સર્વે કારોબારીના સભ્યો ના હસ્તે કરવામાં આવેલ. આ સમગ્ર આયોજન ને સફળ બનાવવા કચ્છ એકમ ના કારોબારી સભ્યો અને કાર્યકરો સર્વશ્રી રાજેશ મૈશેરી, કેતન મોમાયા, હરીશ લોડાયા, દિલીપ મોતા, મિતેશ ધરમશી, કિરણ મોતા, મુકેશ દંડ, જયેશ લોડાયા, હરીશ વિકમશી, ધનપતી નાગડા, વસ્તુપાલ નાગડા સાથે જેસલ દંડ, કેતન લોડાયા, શ્રીમતી મીનાબેન લાલકા, દિપ્તીબેન ધરમશી, લિપિકાબેન મૈશેરી, દિપ્તીબેન લોડાયા, કલ્પનાબેન મોતા, લીલાવંતીબેન ખોના, હર્ષાબેન લાલકાનો અન્નય સહકાર મળેલ.

કન્યાઓ ને તૈયાર કરવા માટે શ્રીમતી યામિની ભરતભાઇ મોમાયાએ પોતાની માનદ સેવાઓ આપેલ અને સુંદર રીતે કન્યાઓને તૈયાર કરેલ.

આ કાર્યક્રમની સફળતા સ્વયંસેવકો/કાર્યકરો સર્વશ્રી સૌરભ લોડાયા, ખુશાલ લોડાયા, પ્રફુલ નાગડા, મહેશ મોમાયા, નીલેશ ડાઘા, હરીશ લાલકા, જવેરચંદ ખોના, ભદ્રેશ લાલકા, ભુપેન્દ્ર લોડાયા, ગીતેન ધરમશી, જીગર મૈશેરી, ધવલ લોડાયા, મિતેશ મોતા, ચેતન ડાઘા, કમલેશ લાલકા, મીકીર ખોના, હાર્દિક નાગડા, હિમાંશુ લાલકા, દિલીપ મોતા, નીરવ લાલકા, સાગર લોડાયા, રોહિત લોડાયા, પદમિનીબેન નાગડા, લતાબેન નાગડા, નુતનબેન લોડાયા, વીણાબેન મોમાયા, પ્રિયંકા લાલકા, હેતલ ખોના, નિરાલી લાલકા, નીલમબેન લાલકા, વૈશાલીબેન લાલકા, કાજલબેન ડાઘા, મૃદુલાબેન નાગડા, કવિતાબેન ખોના, કાશ્મીરાબેન લોડાયા, તેમજ શ્રીગાંધીધામ મહાજન, શ્રી એકતા મહિલા મંડળ, શ્રી સાર્થક યુવક મંડળ તથા નામી અનામી સર્વે કાર્યકરોના આભારી છે. મનગમતા ભોજનીયા માટે શ્રી ભીખુભાઇ–પ્રતિક કેટરસ, મંડપ, લાઇટ, સાઉન્ડ માટે શાહ મંડપ – શ્રી કિરણભાઇ શાહ અને ફોટોગ્રાફી માટે શ્રી ઋષભ નાગડા, અને મનીષ મોમાયા, પ્રિન્ટીંગ બેનર માટે એકયુરેટ ગ્રાફીકસ – શ્રી જયેશ દંડ એ સહકાર આપેલ.

કચ્છ એકમ સંસ્થા સમુહ લગ્નમાં જોડાવા માટે બધાજ નવયુગલોને હાર્દિક અભિનંદન પાઠવે છે સાથે દાતાશ્રીઓ તરફથી મળેલ અમુલ્ય સહકાર બદલ અંતકરણ પૂર્વક આભાર વ્યકત કરેલ.

## સમુહ લગ્નના મુખ્ય આધાર સ્તંભ દાતાશ્રી

# માતૃશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત હંસરાજ લોડાયા
## પરિવાર (વાડાપધ્ધર-વાપી)

હસ્તે...નીખીતા, પ્રજ્ઞેશ, પરીન, મીતેશ, ચાંદની, દામીની, અવની, માહી

### લાખેણા દાતાશ્રી

- **સાંઘવરત્ન શેઠશ્રી મુલજી રાઘવજી લોડાયા પરિવાર (સાંઘવ - મુંબઇ)**
  હસ્તે શ્રીમતી જયશ્રીબેન કાંતીલાલભાઇ દંડ, વરાડિયા-ઘાટકોપર
- **માતૃશ્રી રાજબાઇ લક્ષ્મીચંદભાઇ ધારશી મોતા**
  હસ્તે શ્રીમતી દક્ષાબેન અને યશ ધિરેનભાઇ મોતા
  (લાખણીયા - વડાલા મુંબઇ)
- **શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, કુવાપધ્ધર**

### શુભેચ્છક દાતાશ્રી

- **માતૃશ્રી વેજબાઇ કુંવરજી હીરજી લાલકા, બાંઢીયા-નેત્રા**
  હસ્તે શ્રીમતી હર્ષાબેન રાજેન્દ્ર લાલકા, બિન્દીયા, ભાવિકા, માહી, પ્રિયંકા
- **મે. ડી.પી. ઇમીટેશન-રાજકોટ,**
  હસ્તે કાનજીભાઇ વૈષ્ણવ
- **શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, કુવાપધ્ધર**

## કન્યાદાન એ મહાદાન

| | |
|---|---|
| રીયલ ડાયમંડના કાનફુલ | માતૃશ્રી નવલબાઇ ઠાકરશી લોડાયા પરિવાર (વાડાપધ્ધર-આદિપુર)<br>માતૃશ્રી દેવકાંબાઇ હંસરાજ મોતા પરિવાર (રાપરગઢવારી-આદિપુર)<br>શેઠશ્રી પદમશીભાઇ ઘેલાભાઇ મોતા પરિવાર (નલીયા-બડગરા)<br>માતૃશ્રી મણીબાઇ ખેતશી લધાભાઇ મોમાયા પરિવાર (સાંયરા-નવી મુંબઇ)<br>માતૃશ્રી પુરબાઇ લખમશીભાઇ લાલકા પરિવાર (વાડાપધ્ધર-આદિપુર) |
| રીયલ ડાયમંડની નાકની સરી | શેઠશ્રી માણેકજી મેઘજી લોડાયા પરિવાર (સાંઘવ-મુલુંડ) |
| સોનાની વિંટી વરરાજા માટે | માતૃશ્રી રતનબાઇ ખીમજી ચત્રભુજ લાલકા પરિવાર (વાડાપધ્ધર-આદિપુર)<br>માતૃશ્રી કાંતાબાઇ આણંદજી હીરજી ખોના પરિવાર (સાંઘવ-ગાંધીધામ) |
| સોનાની અમેરીકન ડાયમંડની વિંટી | શ્રી ક.દ.ઓ.જૈન મહાજન - મુંબઇ |
| ચાંદીની પૂજાની થાળી,<br>ચાંદીની વાટકી,<br>ચાંદીની ઘી-બતી | માતૃશ્રી ચંદનબેન ડુંગરશી ચુરલા પરિવાર (સાંધાણ-અંતરજાળ) |
| ચાંદીનો ઝુડો | માતૃશ્રી તેજબાઇ લાલજી લોડાયા પરિવાર (વાડાપધ્ધર-ગાંધીધામ)<br>હસ્તે શ્રી અરવિંદભાઇ અને ભુપેન્દ્રભાઇ |
| ચાંદીના પગના પટ્ટા જોડી<br>ચાંદીની કેડીની જોડ | શેઠશ્રી મધુકાન્ત જવેરચંદ લોડાયા પરિવાર (કોઠારા-ગાંધીધામ) |
| ચાંદીની ગાય | શેઠશ્રી વિરેન્દ્રભાઇ રાઘવજી લોડાયા પરિવાર (બાંઢીયા-અમદાવાદ) |
| મોતીનો સેટ (હાર, બુટી, બ્રેસલેટ) | શ્રીમતિ કલાબેન દિનેશભાઇ રામજી લોડાયા પરિવાર (સાંઘવ-મુલુન્ડ) |
| કન્યા માટે ટાઇટન ઘડીયાળ<br>વરરાજા માટે ટાઇટન ઘડીયાળ | માતૃશ્રી વિમલાબાઇ શીવજી ટોકરશી લોડાયા પરિવાર (વાડાપધ્ધર-ભુજ)<br>માતૃશ્રી મણીબાઇ નરશી લોડાયા પરિવાર (રાપરગઢવારી - મુલુન્ડ) |
| પાનેતર | માતૃશ્રી કાન્તાબેન મુલજીભાઇ રાઘવજી લોડાયા પરિવાર (સાંઘવ-દાદર) |
| ચણીયા ચોલી | શેઠશ્રી નારાણજી નરશી લાલકા પરિવાર (નલીયા-બારસી)<br>હસ્તે શ્રીમતી ગુણવંતીબાઇ(કલકત્તા) |
| કન્યા માટે પૂજાની જોડ<br>વરરાજા માટે પૂજાની જોડ | માતૃશ્રી સોનબાઇ દામજી વિકમશી પરિવાર (પરજાઉ-અંજાર)<br>હસ્તે શ્રી હરેશભાઇ દામજી વિકમશી |
| સાડી ૪ નંગ | શ્રીમતિ શીલાબેન હરીશભાઇ દામજી ખોના પરિવાર (જખૌ-ગાંધીધામ) |
| કન્યા માટે ડ્રેસ ૨ નંગ<br>બ્લેન્કેટ ૧ નંગ | શ્રીમતિ શીલાબેન ઉતમભાઇ મોમાયા પરિવાર (સાયરા-નવી મુંબઇ) |
| કન્યા માટે ડ્રેસ ૨ નંગ | માતૃશ્રી રતનબાઇ ખીમજી ચત્રભુજ લાલકા પરિવાર (વાડાપધ્ધર-આદિપુર)<br>માતૃશ્રી કાંતાબાઇ આણંદજી હીરજી ખોના પરિવાર (સાંઘવ-ગાંધીધામ) |
| વરરાજા માટે સુટ | માતૃશ્રી ભચીબાઇ પદમશી લોડાયા પરિવાર (સાંયરા-મુલુંડ)<br>હસ્તે શ્રીમતી જયાબેન શાંન્તીલાલ લોડાયા |

| | |
|---|---|
| વરરાજા માટે ચુડીદાર | માતૃશ્રી જવેરબાઇ પદમશી ખોના પરિવાર (સાંઘવ-ભાંડુપ) |
| વરરાજા માટે કપડાની જોડ | શેઠશ્રી પદમશી કલ્યાણજી ખોના પરિવાર (સાંઘવ-મુલુંડ)<br>શેઠશ્રી ખીમજી કરમશી નાગડા પરિવાર (તેરા-મુલુંડ)<br>હસ્તે શ્રીમતી પ્રેમીલાબેન નવિનભાઇ નાગડા |
| ટુવાલ સેટ (મોટો+નાનો),<br>બેડ સીટ, બ્લેન્કેટ,<br>સોલાપુરી ચાદર | માતૃશ્રી કસ્તુરીબાઇ હિરાચંદ મુનવર પરિવાર (કોઠારા-ભુજ)<br>હસ્તે શ્રીમતી જયાબેન પ્રબોધભાઇ મુનવર |
| સુટકેસ | શેઠશ્રી ડો. મધુકાન્ત રતનશી ધરમશી પરિવાર (કોઠારા-ગાંધીધામ) |
| ટ્રોલી વાળી હેન્ડ બેગ (થેલો) | શેઠશ્રી કિશોરભાઇ જીવરાજ સાંયા પરિવાર (સુજાપર-ભુજ) |
| મેકઅપ કિટ,<br>બેંગલ બોક્ષ,<br>પરફ્યુમ | શ્રી ક.દ.ઓ.જૈન એકતા મહિલા મંડળ - ગાંધીધામ |
| ઇન્ડકશન સ્ટવ વાસણ સાથે | માતૃશ્રી ખેતબાઇ લખમશી વેલજી મોતા પરિવાર (નલિયા-કચ્છ) |
| કાસાનો સેટ<br>(થાળી-૧, વાટકા-૨,ગ્લાસ-૧, ચમચી-૧) | મે. શીવમ લોજીસ્ટીકસ, ગાંધીધામ<br>હસ્તે શ્રી રવીન્દ્રભાઇ ભામ્બી અને શ્રી મુકેશભાઇ દંડ |
| વેટ ગ્રાઇન્ડર | માતૃશ્રી વિજયાબાઇ કુલીનકાન્ત શાહ પરિવાર (રવા-આદિપુર) |
| તાંબાની પાણીની ટાંકી<br>ફુડ પ્રોસેસર | શેઠશ્રી વર્ધમાન જીવરાજ નાગડા પરિવાર (નલીયા-ગાંધીધામ) |
| ડિનર સેટ અને કેશરોલ | શેઠશ્રી ચીમનભાઇ મેઘજી મોતા પરિવાર (વાડાપધ્ધર-મુલુન્ડ) |
| જયુશર નંગ ૧,<br>થર્મોસ્ટીલ થર્મોસ નંગ ૧,<br>થર્મોસ્ટીલ પાણી બોટલ નંગ ૧ | માતૃશ્રી માકબાઇ નરશી ખેતશી લોડાયા પરિવાર (તેરા-અંજાર) |
| મીક્ષર અને હેન્ડ બ્લેન્ડર | એક સદગ્રહસ્થ |
| પ્રેશર કુકર | શા. સ્નેહલતાબેન મણીલાલ ડુંગરશી લોડાયા પરિવાર (કોઠારા-શોલાપુર) |
| સેન્ડવીચ મેકર | માતૃશ્રી નવલબાઇ ખેતશી મેઘજી ધરમશી પરિવાર (તેરા-અંજાર) |
| સ્ટીલની થાળી<br>સ્ટીલની ચારણી<br>સ્ટીલનો ડબ્બો (પ્રીન્ટેડ)<br>જર્મનસિલ્વરનો કળશીયો<br>જર્મનસિલ્વરનો વાટકો<br>ક.દ.ઓ. વેલ્ફેર સામાજીક સુરક્ષા યોજના સર્ટિફીકેટ | શ્રી. ક.દ.ઓ.જૈન સમુહલગ્ન ટ્રસ્ટ |

આ ઉપરાંત શ્રી પંકજભાઇ હંસરાજ ઠક્કર, શ્રી નવિનભાઇ ચાંપશીભાઇ શાહ (આદિપુર-સુથરી),
શ્રી કિર્તીભાઇ ખેતશીભાઇ ધરમશી (અંજાર-તેરા), માતૃશ્રી લક્ષ્મીબાઇ વિશનજી લોડાયા (મુંબઇ-આરીખાણા)
શ્રીમતી શશીકલાબેન જીતેન્દ્રભાઇ ખોના (અમદાવાદ-આરીખાણા),
શ્રીમતી રેખાબેન વિનોદભાઇ દુધૈયા (અંજાર) તરફથી સમુહ લગ્નમાં સહયોગ પ્રાપ્ત થયેલ છે.
શ્રી કચ્છ એકમ આ પ્રસંગે દાતાશ્રીઓ તથા કાર્યકરો નું ફરી ફરી આભાર વ્યકત કરે છે.

# લખજો સોણું ક ઢીંગલો રોકડો ? !!

મનુષ્ય કલ્પનામાં રાચતો હોય છે. રોજરોજનું કલ્પનાના નભમાં ઉડ્ડયન એ જાણે કે મનુષ્યનો સ્વભાવ છે. કલ્પના છે કમાલની, કલ્પના રોમાંચની જનની કલ્પના સ્વપ્નનગરીની કેડી છે, કલ્પના ઝૂપંડાની ટોચે બંધાયેલી મેડી છે. કશું ન હોય છતાં મોજ કરાવે તે કલ્પના. આનંદના હાજમાં તરાવે તે કલ્પના ! કલ્પના સહેલ છે, કલ્પના રેતીનો મહેલ છે, હકીકતમાં હકીકત નહીં કલ્પના એ જ ખરી પહેલ છે. કલ્પના ફુગ્ગા જેમ ખૂલે છે, ફૂલે છે. ફૂલીને ફૂટે છે, ફૂટે તૂટે પણ કલ્પના ક્યાં ખૂટે છે? કલ્પના અનંતનો ઓવારો છે. કલ્પના ખુશીઓનો ફુંવારો છે, નાના મોટા સૌને જ મળે એવો વારો છે!

કલ્પનાનું આયખું પળ બે પળનું. ઊંચે આકાશમાં વિહરણ ખરું, પણ કેટલીવારનું ? હવા નીકળી ગયા પછી ફૂટી ગયેલો ફુગ્ગો જે ધરતી પર પડે એનું નામ વાસ્તવિકતા. કલ્પનાની જેમ એનો આનંદ પણ અલ્પજીવી – અતિ અલ્પજીવી, જ્યારે હકીકત દીર્ઘકાળની – કાયમી.

કલ્પના અને હકીકત વચ્ચે ફેલાયેલી ઘટનાને જિંદગી. કલ્પના ભલે હોય અલ્પજીવી પણ એની દુનિયા મોકળી, હકીકત દીર્ઘકાલીન પણ એની ગલી સાંકડી ! કલ્પના સાવ મુક્ત હકીકત બંધનયુક્ત. કલ્પનાને કોઈ પૂછનારું નહીં. કલ્પના રોજ નવી નક્કોર. હકીકતની દુનિયા નક્કર, બંનેની કાયમની ટક્કર ! કલ્પના ભલે ફલાતી વિચારી વિચારી, હકીકત સામે આપણે કચ્છી કહેવતોની દુનિયામાં એકલટાર મારીએ લોક વેદની ઋચાઓ– લોકોક્તિઓની નજરે કલ્પના અને હકીકત નાણીએ.

કલ્પનાના ફુગ્ગાની હવા કાઢી નાખતી અને હકીકતને ચાર હાથે વધાવતી એક કચ્છી સુકહેણી છે – 'લખજે સોણે કનાં ઢીંગલો રોકડો ખાસ્સો' (લાખ રૂપિયાના શમણાંથી ઢીંગલો – દેશી ચલણનો એકમ રોકડો સારો) શબ્દો રોકડા છે, નાણાંના સિક્કા જેવા નક્કર અર્થને શોધવા ક્યાંયે જવું પડે તેમ નથી. લાખ મળે પણ સપનામાં – માત્ર કલ્પનામાં એ તો ન મળ્યા બરાબર, પણ જો ઢીંગલો હોય હાથમાં તો ? રકમ ભલે સાવ નાની પણ જે હાથમાં રોકડો હાજર હોય એ તો તરત જ ખપમાં આવે. પેલા લાખ શૂન્ય બરાબર અને આ થોડા પણ કામના ! લાખનું નામ મોટું પણ દર્શન જ ન હોય તે ખોટું, ઢીંગલાનું નામ ભલે નાનું પણ હાજર તે કામનું ! હોય લાખો કલ્પનાના નામે પણ હકીકતમાં માણસ એમાંથી શું પામે ? લાખના સપનાથી કદી કોઈ કંઈ ખરીદી શક્યું છે ? કલ્પનાનું સુખ ગમે તેટલું મોટું દેખાય પણ વાસ્તવિકતા આગળ એની શી વિસાત ?

શમણાંથી મહત્ત્વનું કહી આપનાર આ કહેવતનો રણકો પણ કેવો છે ? હોય હાથમાં સિક્કો તો ઉછાળી જુઓ, તરત પડઘો પડશે કાનમાં, જેને સમજવું હશે એ સમજી જશે શાનમાં ! કારણ કે આ કહેવાત કહેવાઈ છે હકીકતના માનમાં !

લોકવાણીના રૂપ પણ કેવાં અવનવાં હોય છે ? લોકોક્તિઓ ક્યારેક સુભાષિત રૂપે પ્રગટે તો ક્યારેક કાવ્ય કંડિકાઓ થઈને. ક્યારેક વળી અર્થગહનતામાં ઊતરી જાય તો ક્યારેક સાવ હલકી ફુલ કી થઈ હાથમાં આવી જાય ! આ કહેવત સાવ સરળ છે પણ અર્થની નક્કરતા એ જ છે એનું બળ ચલણી સિક્કા જેવી આ કહેવત યોગ્ય સ્થાને પયો જાઈ પોતાને પ્રત્યાયન સાધી સત્ય સમજાવવા, હકીકતનું કરાવવા આ કહેવત આગળ ધરાય છે. અનુભવી નજરે પર ખાયેલી આ ઉક્તિ છે ભલે એક ઢીંગલા વિશેની પણ છે તો લાખેણી હોં....

લાખોની વાતો એ તો કલ્પનાનું રાજ. જેની પાસે છે રોકડો સિક્કા એના શિરે તાજ, જેના શિરે તાજ તે છે શિરતાજ– સર્વોપરી.

સુખના શમણાં કોને ન આવે ? હજાર મળે તો લાખનું અને લાખ મળ્યા કે કરોડનું શમણું, શમણાંને ક્યાં થોભ છે ?


આયરીસ બેંક્વેટ એ.સી. હૉલ
Iris Banquette
અંગત અને સંસ્થાઓના નાના મોટા પ્રસંગો માટે
૧૦૦ થી ૪૫૦ જણની હોલ – ભોજનની વ્યવસ્થા
એકદમ વ્યાજબી ભાવે કરી આપશું.
સંપર્ક : અરવિંદ દંડ (બાયઠ) - 9892036390
જયેશ ડાઘા (વરાડીયા) - 9702144031 / 25905257 / 67988758
સરનામું : પુરુષોત્તમ ખેરાજ ઈસ્ટેટ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ,
જ્ઞાન સરીતા સ્કૂલ પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૮૦.

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

અપેક્ષાને કોઈ અંત નથી હોતો પણ વધારેની કલ્પનામાં હકીકતની અવગણના કરનારને જે વાણી બીજી એક ઉક્તિમાં કહે છે, 'સોંધો મુલઈ સુખેં ખાય ને મોંઘો ભૂખ મરે.' (સોંધો મજૂર સુખે ખાય અને મોંઘો ભૂખે મરે) થોડી નવાઈ લાગે એવી આ કહેવત કહે છે મળનારા વળતરનો અસ્વીકાર કરનાર વધારે મજૂરીની અપેક્ષા ભલે રાખતો પણ જો કામ ન મળ્યું તો એના હાથ ખાલી જ રહેવાના, જ્યારે પેલો સોંઘો મજૂર લાલચને છોડી જે યોગ્ય મળે તેને સ્વીકારી સતત-કાયમ કામ મેળવતો રહેશે પરિણામે એને જોઇતે નહીંતર શું ફળશે ? ઊંચા ભાવ મળે તો ઊંચા, ન મળે તો હાથ આખર નીચા જ ને. સ્વીકારે એને બધું જ મેળે, વધુ સારા વધુ મોંઘાની શોધમાંથી શું વળે ?

લોકદષ્ટિ એટલે દીર્ઘદષ્ટિ, એને જે દેખાય તે સૌને ન દેખાય. વસ્તુ ભલે આંખો દેખાય સમક્ષ પડી હોય પણ ચિત્તમાં ન હોય તે ક્યાંથી દેખાય ? આ કહેવતો સોંસરી ઊતરીને ચિત્તમાં ચોંટી જાય એવી છે !

કલ્પનાના સુખ જેવું જ આકર્ષક બીજું એક સુખ હોય છે, દૂરનું- પરાયું. દૂરના લોભામણાં સપનાં પોતાના નાના સુખને નગણ્ય માનવા પ્રેરે તયારે સર્જાતી કરુણતા વર્ણવે છે આ કહેવત. બે જ્યૂં મેડીયું ડિસી પિંઢજા ભૂંગા નો ધ્રોઈજે'. (બીજાની મેડીઓ જોઈ પોતાના ઝૂંપડા પાડવા નહીં) બીજાની મેડી એ દૂરની કલ્પનાની દુનિયાનું પ્રતીક, પોતાનો ભૂંગો એ હકીકતમાં થયેલી પોતાની પણ અલ્પ પ્રાપ્તિ. દૂરના અપ્રાપ્ય કાલ્પનિક સુખથી આકર્ષાઈ પોતાને મળેલા સુખને ક્ષુલ્લક-નિરર્થક ગણનાર જે છે તે પણ ગુમાવી હાંસીપાત્ર ઠરે છે.

દૂરનું દેખવાની લાલચે, નજીકનું અવગણે તે ઠોકર ખાય.
મેડી ત જ મિલેપ પિંઢજો ભુંગો ત ઊ જરૂર વિંગાય !

– **ડૉ. વિશન નાગડા,** કચ્છમિત્રમાંથી સાભાર

**છોગું :** માર્મિકતાના નમૂના જેવી કચ્છી કહેવત છે – 'લંકા મેં સોન ઘણેં પ્યો આય પ પાંજે કેંડે કમ જો ?' (લંકામાં સોનું ઘણું પડ્યું છે પણ આપણને શા કામનું ?

## લગ્ન સંબંધિ

**મુંબઈ મુલુન્ડ** સ્થીત જન્મ ૧૯૮૨ નિર્દોષ છૂટાછેડા થયેલ (યોગ્ય પૂરાવા આપવામાં આવશે) મલ્ટી નેશનલ કંપનીમાં સારી જોબ ધરાવનાર યુવક માટે યોગ્ય સંસ્કારી કન્યા આવકાર્ય છે. ફોટા તથા વિગત સાથે સંપર્ક : **09920390386**

## તૃતિય પુણ્યતિથિએ સ્મરણાંજલિ



અનોખા મિત્ર, અનોખા સહકાર્યકર...
વ્યક્તિત્વ તમારૂં અનેક ગુણ સભર,
વખત વિત્યો તોય એવાજ સંભારણા
સ્વજનોની સ્મૃતિમાં રહેશો અમર..

**શ્રી વિનોદ રાયચંદ કાનજી ધુલ્લા**
સુથરી (મુલુંડ - મુંબઈ)
અરિહંત શરણ : ૧૧-૦૫-૨૦૧૪

**નિરંજન કેશવજી મોમાયા** (મસ્જિદબંદર - વરાડીયા)

## કોઠારા - સુથરી મેઈન રોડથી ભલારાદાદા સ્થાનક સુધી રસ્તો મંજુર

અબડાસાના કોઠારા - સુથરી મેઈન રોડથી સુથરીના શ્રી ભલારાદાદાના સ્થાનક સુધી સિમેન્ટ રોડ સરકાર દ્વારા મંજુરી મળતાં ભાવિકોમાં આનંદની લાગણી પ્રવર્તી હતી.

મુખ્યમંત્રી સડક યોજનામાંથી નોન પ્લાનિંગ યોજના હેઠળ આ માર્ગ મંજુર કરવામાં આવ્યો છે. શ્રી ભલારાદાદાના ભૂવાશ્રી કિશોરભાઈ સાંયાએ રાજ્યના માર્ગ અને મકાન વિભાગના મંત્રી, નાયબ મુખ્યમંત્રી માનનીય શ્રી નીતીનભાઈ પટેલ સમક્ષ ધારાસભ્યથી શ્રી શક્તિસિંહજી ગોહિલ, શ્રી તારાચંદભાઈ છેડા તથા સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા મારફતે રજુઆત કરતાં જેના ફળ સ્વરૂપે સરકારશ્રી તરફથી માતબર રકમ રૂપિયા ત્રીસ લાખ જેવી મંજુર કરી લીલીઝંડી આપવામાં આવી છે.

## લગ્ન સબંધી

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિય યુવતી ઉ.વ. ૩૬, વિધવા માટે શ્રી ક.દ.ઓ. જ્ઞાતિય યુવક, સ્વતંત્ર વ્યવસાય અથવા વેલસેટ નોકરી ધરાવતા, મુંબઇ અને પરાં વિસ્તારમાં રહેતા, સાથે ૧ પુત્ર ઉ.વ. ૧૦ને અપનાવી શકે તેવા યુવકના વડીલો સંપર્ક કરે.

સંપર્ક : **09422565863 / 09377748822**


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

અનંતનાથ ટ્રસ્ટ સાથે સંકળાયેલ બધી જ્ઞાતિ મિલકતોમાં હવે જિનાલયોની વ્યવસ્થા થઈ છે એ અંગે જ્ઞાતિને શુભેચ્છા આપતા સંબંધિત સ્થાનિકોને ભાવભરી આરાધનાની અનુમોદના...
– ચિમન મોતા • તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ


## આપણે દુનિયામાં અન્યો પાસેથી કેટલો આવકાર મેળવીએ છીએ એ પરથી આપણું મુલ્યાંકન થાય છે

અહીં "Welcome" નું અર્થઘટન આપણે એ રીતે કરવાનું છે કે આપણે આ દુનિયામાં બીજા પાસે કેટલા પ્રમાણમાં Welcome ની કેટેગરીમાં આવીએ છીએ. સો ટકા, પચાટ ટકા કે ફક્ત ટકા. આપણે આપણી જાતનું પૃથ્થકરણ કરી અને આમાંથી કઈ કેટેગીરીમાં આપણો સમાવેશ થાય છે તે આપણે જાણવાનું છે. એજ તો બીજા પાસે આપણા આવકારની પારાશીથી છે.

આમ જોવા જઇએ તો આ દુનિયામાં આપણે ૮૦ થી ૯૦ ટકાની કેટેગીરીવાળા પણ બહુજ ઓછી સંખ્યામાં મળશે. વધારે પ્રમાણમાં લોકો તો આપણને ૫૦ થી ૬૦ ટકાની કેટેગીરી વાળા જ મળશે. હવે આપણને એ નક્કી કરવાનું છે કે આપણે આમાંથી કઈ કેટેગીરીવાળા છીએ. અને ચડતા ક્રમમાં આપવા માટે આપણે ક્યાં ક્યાં સુધરવું પડશે વગેરે વગેરે.

પ્રથમ તો આ માટે આપણે એ મૂલ્યાંકન કરવાનું છે કે આપણે આપણા ઘરમાં, સગા સંબંધીઓમાં, મિત્રવર્તુળમાં, પાડોશીઓ, નોકરી કે ધંધા ના વ્યવસાયમાં, સમાજમાં તથા બાળકો અને વ્યયસ્ક લોકોમાં વગેરે વગેરે કઈ જગ્યા એ વધારે માં વધારે Welcome થઈએ છીએ.

આ Welcome ની વ્યાખ્યા પણ ખૂબજ અટપટી છે. આપણે કઈ રીતે બીજા પાસે પ્રિય છીએ એ પારખવાનું છે. શું આપણી વાતચીતથી, આપણા સ્વભાવથી આપણા કામથી, આપણા પ્રેમાળ પણાથી વગેરે બાળકો જાણવી અત્યંત અગત્યની છે.

આપણી લોકપ્રિયતાની પારાશીથી આપણા Welcome ઉપરથી જાણી શકાય માટે જ બીજા સાથેનો આપણો વ્યવહાર, આપણી રીતભાત, આપણું ચાલચલણ વગેરે બધુંજ લોકો આગળ જાપાય છે અને આ લોકપ્રિયતાની આપણી માંથી આપણી ઉભરી આવીએ ત્યારેજ ખરેખરા આપણે જીવનમાં સફળ ગણાઈએ.

ખરેખર આપણો પૈસો, ડીગ્રી, હોદો વગેરે ઉપરથી આપણી લોકપ્રિયતા તારવીએ તો ખરેખર નરી મુર્ખાઈ છે. પણ આ જાત ના કોઈપણ પૂર્વગ્રહ વગર આપણે કેટલા લોકોમાં આવકારદાયક છીએ એજ આપણી Goodwill છે. આપણી પ્રામાણિકતા, સ્વભાવ, સરળતા, માનવતા, નિખાલસતા, મદદરૂપ થવાની ભાવના જ આપણી Goodwill છે. શું આને ઉત્તરોત્તર આપણે સુધારતા રહીશું ???

બનો બધામાં બધે આવકારદાયક, કેળવો તમને બનવા બધે પ્રિયકારક,

રહેવું આ જગમાં લોકો સાથે, અને ફાવટ ન રાખવી લોકો સાથે. **– જયકાંત મોતા**, ઘાટકોપર – તેરા

---

।। શ્રી અનંતનાથાય નમઃ ।। ।। શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ।।

### તૃતિય પુણ્યતિથિએ સ્મૃતિ-તર્પણ પુષ્પાજંલિ - સ્મરણાંજલિ








વડિલો, દેવ, ગુરૂ, ધર્મના પૂજનારા અને
તેમના દિલમાં વસનારા,
સ્પષ્ટ - નીડર જાબાંજ,
સંઘર્ષભર્યા સંજોગોમાં પણ સર્વેને
સાથે રાખી એકતા સૂત્ર થઈ સંકટની
સાંકળ બનનારા, પરોપકારી,
અનેક ગુણોમાં અલંકૃત પરમ ઉધ્ધારક,

**શ્રી વિનોદ રાયચંદ કાનજી ધુલ્લા**
સુથરી (મુલુંડ - મુંબઈ)
જીવનયાત્રા : ૨૯-૦૫-૧૯૪૯ થી ૧૧-૦૫-૨૦૧૪

જૈન સમાજરત્ન
પુણ્યશ્લોકી **શ્રી વિનોદ રાયચંદ ધુલ્લા** - સુથરી
**અશ્રુનયને સ્નેહભીની સ્મરણાંજલિ**

પ્રેમાળ હતી તમારી જીવનશૈલી, સદ્ગુણો હતા તમ શણગાર,
પામજો શિધ્ર મોક્ષ સુખ એજ પ્રાર્થના પરમાત્માને કરીએ બે કર જોડી......

**શ્રધ્ધાસુમન અર્પતા** **માતૃશ્રી લક્ષ્મીબાઈ રાયચંદ કાનજી ધુલ્લા સમસ્ત પરિવાર** (સુથરી)
**માતૃશ્રી સુશીલાબાઈ દામજી કાનજી ધુલ્લા પરિવાર** (સુથરી)
**રમીલા જયચંદ પદમશી નાગડા પરિવાર** (નલિયા) **નિર્મળા વિરચંદ ડુંગરશી મૈશેરી પરિવાર** (જખૌ)
**બબન (નિલમ) લહેરચંદ નરશી મોમાયા પરિવાર** (સાંયરા) **નીલુ મહેક કાંતિલાલ વિકમસી પરિવાર** (જખૌ)
**પુજા (પીંકી) આશિષ ચંદ્રકાંત ગાંધી પરિવાર** (ઘાટકોપર) **ના શ્રધ્ધાસુમન**

# સુચિત્રાબહેનનું સમર્પણ

**- પ્રિયકાન્ત પરીખ**

સુચિત્રાબહેનની ખુશીનો પાર નહોતો, તેમનો એકનો એક પુત્ર આકાશ ડૉક્ટર બની જતાં એમણે કૃતકૃત્યતાની લાગણી અનુભવી.

ભરયુવાનીમાં જીવનનમાં અંતિમ શ્વાસ લેતા પતિએ સુચિત્રાબહેન પાસે વચન માંગેલું, 'સુચિત્રા, તારી સાથે પ્રેમલગ્ન કરી, તારા અને મારા પરિવારજનો સાથે સંબંધોના અંકોડા તોડી આપણે દસેક વર્ષના દામ્પત્યજીવનમાં ખૂબ સુખથી જીવેલાં. તેં આકાશને જન્મ આપી, દુનિયાભરની ખુશી મારી ઝોળીમાં ઠાલવી દીધેલી. હું જાણું છું શિક્ષિકાની નોકરીની સાથે ટ્યુશનો કરીને ઘર ચલાવે છે. એક વધુ બોજ તારા પર નાખું છું. હું ઈચ્છું છું કે આકાશ ડૉક્ટર બને....' 'હું વચન આપું છું. હું મહેનત મજદૂરી કરીને આકાશને ડૉક્ટર બનાવીશ એનું વચન આપું છું...' સુચિત્રાબહેને રુદનભીના શબ્દો સાંભળ્યા, ન સાંભળ્યા અને આકાશના પિતાનો પ્રાણ અપાહિજ નશ્વરદેહની માયા મૂકી ઊડી ગયો. ત્યારે સુચિત્રાબહેનની ઉંમર છત્રીસ વર્ષની અને આકાશની ઉંમર ચૌદ વર્ષની હતી. બસ, ત્યારથી સુચિત્રાબહેને નોકરી કરતાં કરતાં, આકાશને ભણાવતાં ભણાવતાં ટ્યુશનો કરીને શરીરને કાંતી નાખ્યું. એ જ આશાએ કે, આકાશ ડૉક્ટર બને.

આખરે સુચિત્રાબહેનનું સમર્પણ લેખે લાગ્યું. આકાશ ડૉક્ટર થઈ ગયો. આકાશે સુચિત્રાબહેનનો ચરણસ્પર્શ કર્યો, 'બા, તમે આપેલા સમર્પણથી પરિચિત છું. બાપુજીને તમે આપેલું વચન પુરું કરવા જે પરિશ્રમ કર્યો છે તે મારી આંખો સમક્ષ તરવરે છે. આશીર્વાદ આપો બા.'

'બેટી, જીવનમાં ખૂબ પ્રગતિ કરો, ખૂબ સુખી થાવ એવા એક માના આશીર્વાદ છે.'

ડૉ. આકાશે જનરલ પ્રેક્ટિશનર તરીકે દવાખાનું ચાલુ કર્યું. ત્રણેક વર્ષમાં તો આકાશ તેના હસમુખા, મિલનસાર સ્વભાવ, વ્યક્તિત્વ અને આવડતથી ખૂબ જામી ગયો. સેટેલાઈટ વિસ્તારમાં ડિસ્પેન્સરીની નજીક ત્રણ બેડરૂમનો ફ્લેટ લીધો. કાર લીધી. એક દિવસ આકાશે કહ્યું, 'બા, હવે તો શિક્ષિકાની નોકરી છોડો. તમે ખૂબ પરિશ્રમ કર્યો છે. હવે આરામથી રહો.'

આકાશ, હવે તું છવ્વીસ વર્ષનો થયો. તારે માટે આપણા ફ્લેટના સાતમા માળે રહેતા જમનાદાસભાઈએ એમની બે ગ્રેજ્યુએટ થયેલી છોકરીઓ માટે મને વાત કરી છે, બન્ને દેખાવડી છે, સંસ્કારી છે. બાળપણથી ઓળખું છું. તું કહે તો.....!'

'બા, મેં છોકરી પસંદ કરી લીધી છે. તમને કહેતાં અચકાતો હતો.'

સુચિત્રાબહેનનો ચહેરો હસી ઊઠ્યો, 'કઈ જ્ઞાતિની છે? કેટલી ભણેલી છે? શું નામ છે? શું કરે છે?'

'બા, માધવી એનું નામ છે. બી.એ. થયેલી છે. મારી પેશન્ટ છે, પણ...'

'કેમ અચકાયો?' 'એની જ્ઞાતિ....'

'કઈ જ્ઞાતિ છે?' 'મહારાષ્ટ્રીઅન છે.'

સુચિત્રાબહેન વિચારમાં પડી ગયાં.

'તમારું દિલ દુખવીને મારે લગ્ન નથી કરવું.'

'હું જૂનવાણી-રૂઢિચુસ્ત નથી કે માત્ર જ્ઞાતિભેદને લીધે વિરોધ કરું. નવી પેઢીને દ્રષ્ટિદાન કરતી શિક્ષિકા છું. જ્ઞાતિભેદ સંસ્કાર અને રહેણીકરણીની દીવાલ ચણી શકે છે. તને માધવી ગમતી હોય તો મને વાંધો નથી.'

'તમારા આશીર્વાદ છે ને?'

'માના આશીર્વાદ પુત્ર-પુત્રીના માથે વરસતા જ હોય છે. તારું સુખ એ મારું સુખ છે.'

ડૉ. આકાશ અને માધવીના લગ્ન થઈ ગયાં. માધવી ખૂબ રૂપાળી હતી. જોતાં જ નજર આંચકી લે એટલી આકર્ષક હતી. સુચિત્રાબહેનને આકાશની પસંદગી ગમી.

માધવીનો સ્વભાવ ખૂબ જ તેજ-તીખો હતો. ઘરમાં એનું ચિત્ત ચોંટતું નહોતું. કશું શિખવાની તૈયારી કે તત્પરતા દર્શાવી નહોતી. સુચિત્રાબહેનનું અસ્તિત્વ ખૂંચવા લાગ્યું. જુદા રહેવા જવાની યુક્તિ-પ્રયુક્તિ કરવા લાગી. સુચિત્રાબહેનના કોઈ ને કોઈ શબ્દો પકડી વાંધા-વચકાં પાડવા લાગી. આખો દિવસ એની રૂમમાં ભરાઈ રહેતી. ટી.વી. અને વીડિયો પર ફિલ્મો જોયા

*મને સ્યુગરકોટેડ એક જીભ જડી ગઈ, મને તાળી સાંભળવાની ટેવ પડી ગઈ. પાછી ઉપરના હિસ્સામાં રાઈ ચઢી ગઈ, મને તાળી...*
*પંચ આવે છે જ્યાં જ્યાં, ત્યાં અટકું પણ છું, દાદ મેળવવા માટે હું ભટકું પણ છું, મારા પાયાને ખાલી એમાં જ ચડી ગઈ, મને તાળી...*

કરતી. આકાશ ડિસ્પેન્સરીથી પાછા આવે ત્યારે સુચિત્રાબહેનની રસોઈ બગાડી, કોઈને કોઈ બહાનું ઊભું કરીને આકાશનો હાથ પકડી, હોટલમાં ખેંચી જતી.

એક દિવસ સુચિત્રાબહેને સૂચન કર્યું, 'માધવી, તમે લોકો હોટલો કે ક્લબોમાં જવમા જતાં હોય તો વાંધો નથી, પણ અગાઉથી જાણ કરી હોય તો દર બે-ચાર દિવસે રસોઈ ન બગડે.'

'તો આજે સાચું કહું. તમારા હાથની રસોઈ મને ભાવતી નથી. સવારે પરાણે બે કોળિયા ભરી લઉં છું, પણ રાતે તો જમવા જોઈએ ને ? ભુખે મરવાની ય એક હદ હોય છે.'

'માધવી, બા સાથે ઊંચા સાદે વત ન કરાય.' આકાશ માધવીને સમજાવવા મથતો.

'તમારી બાએ કેટલો ભોગ આપ્યો છે એ અંગેની એકની એક રેકોર્ડ તમારા મોઢેથી સાંભળી હું બોર થઈ ગઈ છું. મા-બાપ સંતાનો પેદા કરે છે તો એને ભણાવી-ગણાવી લાયક બનાવવાની ફરજ છે. તમને ડૉક્ટર બનાવ્યા એટલે તમારે માથે એની ચિંતા તો નથી ને ? હવે તમારી બાના ત્યાગ-બલિદાનની વાત કરશો તો હું મારા બાપના ઘરે ચાલી જઈશ. તમે આટલા માવડિયા હશો એની ખબર હોત તો હું લગ્ન કરવા તૈયાર ન થાત. હું તો વ્યક્તિત્વશાળી ડૉક્ટર આકાશને પ્રેમ કરીને પરણી છું, સમજ્યા ?'

આકાશે સુચિત્રાબહેન સામે લાચારીથી જોયું.

સુચિત્રાબહેન સમજી શક્યાં કે તેઓ આકાશના જીવનમાંથી હટી નહીં જાય તો આકાશ સુખી નહીં થઈ શકે. મારું અસ્તિત્વ માધવીને ખૂંચે છે. સુચિત્રાબહેને નોકરી કરવાનો નિર્ણય કર્યો, 'હું મુંબઈમાં નોકરી કરીશ એ આકાશને નહીં ગમે અને મુંબઈમાં જ આકાશ જુદો રહે એ મને નહીં ગમે.'

સુચિત્રાબહેને અમદાવાદ બહારની રેસિડેન્સીઅલ સ્કૂલોમાં પ્રયત્નો કરવા માંડ્યા. સુચિત્રાબહેનને દિલ્હીની રેસિડેન્સીઅલ સ્કૂલમાં શિક્ષિકા કમ લેડીઝ હોસ્ટેલની મેટ્રન તરીકે, અનુભવ અને વ્યક્તિત્વના આધારે સર્વિસ મળી ગઈ.

એક રાત્રે સુચિત્રાબહેને કહ્યું, 'આકાશ, પ્રવૃત્તિ વગર કંટાળી ગઈ હતી. મને દિલ્હીની સ્કૂલમાં શિક્ષિકા અને મેટ્રન તરીકે સર્વિસ મળી ગઈ છે. મેં સર્વિસ સ્વીકારી લીધી છે. આવતા ગુરૂવારે ઉઘડતી સ્કૂલે મારે દિલ્હી જવાનું થશે. ટ્રસ્ટ ખૂબ સધ્ધર છે. મને પ્લેનની ટિકિટ પણ મોકલી આપી છે. યાદ છે, ગયા મહિને હું અમારા 'મહિલા મંડળ'ની ટૂરમાં વૈષ્ણવદેવી ગઈ હતી ત્યારે ઈન્ટરવ્યૂ આપી આવી હતી.'

'બા, મારાથી આટલાં બધાં દુભાયાં છો કે મને છોડીને જવા તૈયાર થયા છો ?' આકાશ ગળગળો બની ગયો.

'આકાશ, તું તારી દુનિયામાં સુખી હોઈશ તો હું મારી દુનિયામાં સુખી રહી શકીશ. આકાશ, સંસાર માંડ્યો છે તો નભાવી જાણજે. આપણાં બધાંના સુખ માટે મુંબઈ છોડું છું. તમારા પ્રત્યેનો પ્રેમ સ્થળ છોડવાથી ઓછો છૂટી જવાનો છે ? માધવી, મને શ્રદ્ધા છે કે તું આકાશને સુખી કરી શકીશ. વય પ્રમાણેવૃત્તિઓમાં પરિવર્તન થતું જ રહે છે. તમે સુખી થાવ એવા મારા આશીર્વાદ છે.'

ચૂપચાપ બેસી રહેલી માધવી બોલી, 'પ્રવૃત્તિ તમારા મનને તાજગી બક્ષશે. પ્રવૃત્તિ વગર મન માંદલું બની જાય છે. વેકેશનમાં આવતાં રહેજો. નહીં તો આકાશ દિલ્હી દોડધામ કર્યા કરશે.' સુચિત્રાબહેન હસ્યાં, 'તારી વાત સાચી છે.'

સુચિત્રાબહેનનો જવાનો દિવસ આવી પહોંચ્યો. સુચિત્રાબહેન અને આકાશ એરપોર્ટ પર ઊભાં હતાં. આકાશની આંખો ભીની બની. 'આકાશ, મને હસતાં હસતાં વિદાય આપ. મારો પુત્ર અમ ઢીલો બની જાય એ મને નહીં ગમે. જીવન એક કર્તવ્ય યજ્ઞ છે. આખરે તો સુખની શોધ માનવ-જીવનનું અંતિમ ધ્યેય છે.

'passengers are requested....' ની સૂચના સંભળાઈ.

'બા, આશીર્વાદ આપો.'

'ઈશ્વર તમને સુખી રાખે. આવજે બેટા.'

આકાશે સુચિત્રાબહેનની અદ્રશ્ય થતી પીઠને જોઈ ડૂસ્કું મૂક્યું. 'બા, હું તમારા સમર્પણનો બદલો ન ચૂકવી શક્યો. હું તમારો ગુનેગાર છું. મને માફ કરજો.'

પ્લેન દિલ્હી તરફ ઊડતું હતું, આકાશની કાર ઘર તરફ દોડતી હતી.....

(સત્ય ઘટના - પાત્રોનાં નામ, ગામોનાં નામ કલ્પિત છે.)

***

*રોજ પ્લાસ્ટિકનું સ્માઈલ લઈ ઉઘડું પણ છું, મને લાગે છે મૂળમાંથી ઊખડું પણ છું, મારી સૂરતા પાટા પરથી એમ ખડી ગઈ, મને તાળી...*
*વાહ જાજી મળે તો ગળે વળગું પણ છું, કોઈ અન્યને મળે છે ત્યારે સળગું પણ છું, જાણે ખુદને ઓગાળવામાં ગાંઠ નડી ગઈ, મને તાળી...*
*- કૃષ્ણ દવે*

**કચ્છી કસબ-૧૦૩**

રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨



### ઊભી ચાવીઓ -

૩) બાળક (Child) (૩)
૪) સંવેદના (Sensation) (૩)
૫) કઠણ સ્વભાવના (Thick Skined) (૨)
૬) પાકી જવું (To Ripe) (૩)
૭) પડોજાણ (Botheration) (૪)
૮) સારું (Good) (૨)
૯) કરીયાવર (Bride's Assets) (૩)
૧૧) રવઇ (Churner) (૪)
૧૨) પાપડના ગોયણાં (From which Papad is made) (૨)
૧૩) ભમરા (Bees) (૩)
૧૫) સાંભળયું (Heard) (૨)
૧૬) જગ્યાની છૂટ (Space) (૪)
૧૭) ઇયળ (White-Ant) (૩)
૧૮) મારું (Mine) (૨)
૨૧) કોઇક (Soemone) (૨)
૨૫) મરજી વગર (Without Desire) (૪)
૨૭) કુટુંબની મૃત વ્યક્તીનો ભટકતો આત્મા (Wondering Soul of Dead Family Member) (૩)

### આડી ચાવીઓ -

૧) બાપ (Father) (૧)
૨) નખરા (Tantrum) (૪)
૪) દિલાસો (Condolence) (૪)
૭) સાંણસી (One kind of Utensil) (૩)
૮) જોડા (Foot-Wear) (૩)
૧૦) પડી જવું (સ્ત્રી માટે) (Fall Down for Female) (૨)
૧૨) ગજવું (Pocket) (૨)
૧૪) ગરોળી (Lizard) (૪)
૧૫) સરખો (Proper) (૨)
૧૬) પછી (After Some-time)(૨)
૧૭) વજનદાર (Heavy) (૨)
૧૮) છેતરાયેલી સ્ત્રી (Woman would be Fooled) (૩)
૧૯) બડબડાટ (Grumble) (૨)
૨૦) છોડી દેવું (To Leave) (૨)
૨૧) કોનું (Whose) (૨)
૨૨) ભાઇ (Brother) (૧)
૨૩) તાવ (Fever) (૨)
૨૪) વૈશ્યા (Prostitute) (૨)
૨૬) જનાવર (Animal) (૨)
૨૮) જનાવર માટે ખાવાનું (Fodder) (૨)
૩૦) સદંતર (Completely) (૩)
૩૧) હલવું (To Move) (૨)
૩૨) સંભળાવવું (Taunting) (૩)
૩૩) સુઇજવું (To Get Sleep) (૨)

### ઊભી ચાવીઓ -

૨૮) બહેન (Sister) (૩)
૨૯) ઝુરવું (To long for) (૨)
૩૦) લીમડો (Neem) (૨)

---

ઉકેલ : આડી ચાવીઓ -
(૧) પે (૨) વેનાગડા (૪) ખોરખોરો (૭) પકડ (૮) ખાંસડા (૧૦) પઇ (૧૨) ખીસો (૧૪) (૧૫) સોંજો (૧૬) પોય (૧૭) ગરા (૧૮) મુંઢાણી (૧૯) ભક (૨૦) છડ (૨૧) કેંજો (૨૨) ભા (૨૩) તાય (૨૪) રન (૨૬) ચોપો (૨૮) નીણ (૩૦) નેપટ (૩૧) ચોસ (૩૨) સોણાંલી (૩૩) સોમ

ઊભી ચાવીઓ -
(૩) ગભર (૪) ખોણસ (૫) રોઠ (૬) પકઇ (૭) પપઝરી (૮) ખાસો (૯) ડાચજો (૧૧) મંધીયાણી (૧૨) ખીચી (૧૩) ભીંગારા (૧૫) સોંય (૧૬) પોકતાણ (૧૭) ગડર (૧૮) મુંજો (૨૧) કેંક (૨૪) ન છોટકે (૨૭) પોડસો (૨૮) નીયાણી (૨૯) સોસ (૩૦) નેમ

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### પુણે સખીવૃંદ

૨૫ માર્ચના વૃંદની મિટીંગ કવિતા પ્રકાશ શાહને ઘરે યોજાઈ. વિષય હતો 'માર્બલીંગ આર્ટ'.

કવિતાબેનના કહેવા મુજબ આ ટર્કીનું આર્ટફોર્મ છે, જે (EBRU) 'ઈબ્રુ'ના નામથી પ્રખ્યાત છે. એ માટેના રંગ જુદા અને મોંઘા આવતા એમણે એ માટે એશિયન પેન્ટ્સથી કેવી રીતે માર્બલીંગ કરી શકાય એનું ખુબજ જહેમતથી વિસ્તારપૂર્વક પ્રત્યક્ષીકરણ કર્યું. કવિતાબેનના મંતવ્ય મુજબ એશિયન પેન્ટ્સની ચમક લાંબા સમય સુધી ટકી રહે છે.

આ પદ્ધતિ કાગળ, કાચ, લાકડા, ટેરાકોટા પર થઈ શકે છે. આ બધી વસ્તુના ખુબજ સુંદર સૅમ્પલ કવિતાબેને તૈયાર કરી મુકેલ. પેપર સિવાય દરેક વસ્તુને પહેલાં એક્રેલિક સ્પ્રે પેઈન્ટથી સફેદ બેસ તૈયાર કરી પછીજ આ આર્ટથી નવો ઑપ આપી શકાય.

એમણે A-4 સાઈઝના બોન્ડ પેપર લીધેલ, હૂંફાળા પાણીમાં વારાફરતી બે ચાર રંગ ચમચીથી નાખી, ટૂથપીંક અથવા બ્રશથી આડું અવળું હલાવી ડિઝાઈન બનાવી, તેના પર કાગળ ઊંધું મૂકી થોડીવારમાં કાગળ લઈ લેવાથી, કાગળ પર સરસ ભાત પડે છે, એ એમણે ખુબજ કુશળતાથી શીખવાડ્યું. દરેક સભ્ય બહેનોને પ્રયોગ કરવા પણ પૂરતો સમય આપ્યો.

એ ઉપરાંત કાંચની બરણી પર પ્રત્યક્ષીકરણ આપેલ. માપ કરતા બે ગણા ઊંડા પાણીની જરૂર પડે છે, દરેક વસ્તુને સૂકાતા બે દિવસ લાગે છે. સભ્ય બહેનોએ આ કળા શીખીને ખુબજ આનંદ અનુભવ્યો.

કવિતાબેને દરેક સભ્યને માર્બલીંગ કરવાની કીટ ભેટ આપી. આમ પૂર્ણ બેઠકનું સંચાલન વ્યવસ્થિત અને રસપૂર્વક કર્યું. અંતમાં હોળીના પર્વ નિમિત્તે મંડળ તરફથી બધાને વધાઈ અને પેંડા અપાયા.

### ખંડવા ધ્વજા મહોત્સવ

શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામની ૧૦૪ વર્ષગાંઠ વૈશાખ સુદ ૧૩ સોમવાર દિ. ૮-૫-૨૦૧૭ના દિવસે ધૂમધામથી ઉજવવામાં આવી છે. ધ્વજારોહણનો લાભ પંચ પરમેષ્ઠી મંડલ ખંડવાએ લીધેલ હતો. આરતી, પ્રમિલાબેન વિશનજી ગોસર પરિવારે લીધેલ હતો. મંગલ દિવો, કાશ્મીરાબેન નવીનચંદ નાગડા પરિવાર લીધેલ હતો. શાંતિકળશ, જય પ્રફુલ નાગડા પરિવારે લીધેલ હતો. સ્વામી વાત્સલ્ય રાખવામાં આવેલ હતું.

### શ્રી મહાકાળી જૈન મિત્ર મંડળ ભારતનગર

શ્રી આદિનાથ ફ્રેન્ડસ ગ્રુપ, ભારતનગર તરફથી શ્રી મહાકાળી માતાજીની ભાવના તા. ૧૮-૦૩-૨૦૧૭ની રાત્રે ૯.૦૦ કલાકે રાખેલ તેનો સારી એવી સંખ્યાએ લાભ લીધેલ. ભાવનામાં લિતેશભાઈ, જયંતભાઈ, શામજીભાઈ તથા નીલમબેન, નુતનબેન, ભક્તિબેન તથા સૌએ સારી રીતે રમઝટ જમાવેલ. પ્રેમચંદભાઈએ તથા પ્રિતિબેન કુરવાએ ચામરથી રમઝટ જમાવેલ.

### મુલુંડમાં શ્રી મહાકાળી માતાજીની ભાવના

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના તા.૨૮-૫-૨૦૧૭ના રાતના ૯ વાગે શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખેલ છે. જેનો લાભ શ્રી કલ્યાણજી માણેકજી મૈશેરી પરિવાર - માંડવીવાળાએ લીધેલ છે. ભાવના માટે રીદ્ધી સીદ્ધી મંડળ પધારશે. આવતા માસની ભાવના તા. ૨-૭-૨૦૧૭ના છે. જેનો લાભ શ્રી કુંવરજી વીરજી શાહ પરિવાર - ભરૂડીયાવાળાની છે.

### સાંધવના લાલછતા પીરની પહેડી

સાંધવ ગામના લાલછતા પીરની પહેડી પ્રસાદ તા. ૧૬-૪-૨૦૧૭ ઘાટકોપર - જવેરબેન પોપટલાલ


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ || || શ્રી મોમાઈ માતાય નમઃ ||

**આદ્યશક્તિ ટ્રાવેલ્સ** ઘરના સભ્ય જેવા ડ્રાયવરો

ગાંધીધામ - કચ્છમાં એ.સી. કાર, નૉન એ.સી. કાર
ઈંડીકા / ઈંડીગો / સ્વીફ્ટ /તવેરા / તુફાન
સંપર્કઃ શ્રી નરેન્દ્ર મણીલાલ શાહ (દંડ), બાયઠવાળા
099798 55686

સભાગૃહમાં રાખવામાં આવેલ છે. સવારના પહેડી પ્રસાદનો લાભ માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવાર, સાંધવ લીધેલ હતો. સાંધવ ગામના જૈન-જૈનેતર, નિયાણી બહેનોએ સારી સંખ્યામાં પધારીને લાભ લિધેલ. શાદીઘા મીર માંડવીથી પધારીને પીરની કવાલીની રમઝટ જમાવેલ.

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ આયોજીત :**

સાંધવ ગામના વાછરાદાદાની પહેડી પ્રસાદ તા. ૧૯-૪-૨૦૧૭ના રવિવાર ઘાટકોપર ઝવેરબેન પોપટલાલ સભાગૃહમાં બપોરના ૪ કલાકે રાખવામાં આવેલ. દેશ-દેશાવળથી તેમજ કચ્છથી, સાંધવવાસીઓ, નિયાણીબહેનો, વાછરાદાદાના ભાવિકો, આમંત્રિત મહેમાનો સર્વે સારી સંખ્યામાં પધારેલ.

ભક્તિભાવના નયન ભોજક એન્ડ પાર્ટી, ઉત્તમ મોમાયાએ સારી એવી રમઝટ જમાવેલ. મહાઆરતી, પહેડી પ્રસાદનો લાભ માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવાર સાંધવવાળાએ લીધેલ.

**હોમિયોપેથિક મેડીકલ કેમ્પ**

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

હાડકાનો કેમ્પ રવિવાર, તા. ૨૮-૦૫-૨૦૧૭ના બપોરના ૧ વાગ્યાથી ૨ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે શનિવાર તા. ૨૭-૦૫-૨૦૧૭ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૨૮-૦૫-૨૦૧૭ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૧ વાગ્યા સુધી હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઇચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક : શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

**સાંધવગામમાં વાછરાદાદાનો પ્રતિષ્ઠા મહોત્સવ**

સાંધવગામના વાછરાદાદાના પ્રતિષ્ઠા મહોત્સવમાં સાંધવ ગામે પધારનાર ભાવિકોને વાછરાદાદાનો ફોટો તથા બુંદી-લાડુ ઘરદીઠ, શ્રી ભાગચંદ દામજી જૈન (કોઠારા), માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા (સાંધવ), શ્રી ઠાકરશી લાલજી પટેલ (સાંધવ) તરફથી પ્રભાવના કરવામાં આવેલ.

## જૈન યુનિવર્સિટી માટે ૨૦૦ કરોડની જમીન આપી, દાનવીર - આગેવાન ભુપેન્દ્ર દંડે ઈતિહાસ રચ્યો



ક.દ.ઓ. જૈન જ્ઞાતિના દાનવીર આગેવાન ભૂમિરાજ ગ્રુપના મેનેજીંગ ડાયરેક્ટર શ્રી ભુપેન્દ્ર મુલજી દંડ (લાખણીયા - વાશી)એ તાજેતરમાં નવી મુંબઈમાં સાનુકુળ સ્થળે જૈન યુનિવર્સિટી માટે જૈન ઇન્ટરનૅશનલ ઑર્ગનાઈઝેશનને અંદાજીત કિંમત ૨૦૦ કરોડની ૨૫ એકર જમીનનું દાન કરી, સર્વત્ર પ્રશંસા મેળવી છે અને જ્ઞાતિની ગૌરવશાળી દાન પરંપરાને આગળ વધારી છે.

**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવા :**

**વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. કાર્યક્રમમાં નવકાર મંત્ર પઠન થયું, કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો આહાર લીધો કયા મહાનુભાવો પધાર્યા એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.**


।। જીરાવલ્લા પાર્શ્વનાથાય નમો નમઃ ।। ।। જય શ્રી વાછરા દાદા નમો નમઃ ।।
।। જય શ્રી ચામુંડા માતાય નમો નમઃ ।।

## સુખપર (શાહીંદ)

મૈશેરી પરિવારના ચામુંડા માતાજી સુખપર ગામે આજથી ૯૦ વર્ષ પહેલાં બીરાજમાન હતા. તે જુની જગ્યાઓ પડી જાતા માતાજી અંદર જમીનમાં દબાઈ ગયા હતા.

તેમના સ્વપ્ન દ્વારા એંધાણ મળતા વાછરા દાદાના આદેશ મુજબ **ચૈત્ર વદ ૧૧ને તા. ૨૨-૪-૨૦૧૭** ખોદકામ કરતા. પાંચ ફૂટ અંદરથી માતાજીની બે ફરઈયુ પથ્થરની મળી આવેલ છે. છેલ્લા ચાર વર્ષથી માતાજી પ્રગટ થવા એંધાણ આપતા હતા.

માતાજી પ્રગટ થયા. માતાજી હાલમાં વાછરા દાદાના મંદિરમાં બિરાજમાન છે.

સુખપર ગામના મૈશેરી પરિવારને જાણ કરવામાં આવે છે.

વધુ વિગત માટે નીચે મુજબ સંપર્ક કરો :

**કુમાર મૈશેરી - 09619535321**
**હેમંત મોતા - 09370710891**

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૦૨-૧૭ | ઘાટકોપર | હિયાન, પૂજા આશિષ ચંદ્રકાંત ગાંધી | ઊના | પુત્ર |
| | મુલુંડ | દોહિત્ર : ચેતન રાયચંદ કાનજી ધુલ્લા | સુથરી | |
| ૧૮-૦૩-૧૭ | વડોદરા | નિશાદ, બિજલ કેયુર જયેશ નાગડા | કોઠારા | પુત્ર |
| ૨૮-૦૩-૧૭ | ડોમ્બીવલી | ઝીયા, કોમલ રોહન મધુકર મોતા | કોઠારા | પુત્રી |
| ૦૮-૦૪-૧૭ | રાજકોટ | મલય, વૈશાલી કિરણ લક્ષ્મીચંદ મોતા | તેરા | પુત્ર |
| ૨૪-૦૪-૧૭ | અમદાવાદ | દૈવિક, પ્રિયંકા હિરેન મહેન્દ્ર મોતા | નલીયા | પુત્ર |
| ૦૧-૦૫-૧૭ | ભાંડુપ | અલાયના, ઉર્વિ જીગ્નેશ પ્રફુલ શિયાલ | દલતુંગી | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦-૦૪-૧૭ | તિરપુર | રાહુલ સતીષ નાગડા | પરજાઉ | ૨૬ |
| | કોઈમ્બતુર | માનસી કમલેશ વીરચંદ લોડાયા | જખૌ | ૨૨ |
| ૦૮-૦૫-૧૭ | ડોમ્બીવલી | દીપ નિલેશ વીરચંદ મોતા | કોઠારા | ૨૫ |
| | મુલુંડ | ચાંદની જીતેન્દ્ર હીરાચંદ ખોના | વાંકુ | ૨૩ |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭-૦૫-૧૭ | ભાંડુપ | દેવાંગ કુમાર બાબુભાઈ ધનજી દંડ | તેરા | ૨૮ |
| | સિકંદરાબાદ | લીશા અતુલકુમાર રમેશચંદ્ર શાહ | વિજાપુર | ૨૫ |
| ૦૭-૦૫-૧૭ | ચેમ્બુર | અનિકેત અનિરૂધ્ધ પ્રદોષકાંતી મિત્રા | કોલકાતા | ૨૯ |
| | મુલુંડ | ફોરમ રમેશ મુલજી હીરજી લોડાયા | ભરૂડીયા | ૨૯ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૦૨-૧૭ | ડોમ્બીવલી | રાકેશ અભય ત્રિકમજી મૈશેરી | મોટી સિંધોડી | ૨૭ |
| | હૈદરાબાદ | અશ્વિની શાંતીલાલ દેવરાજ મૈશેરી | મોટી સિંધોડી | ૨૭ |
| ૨૧-૦૨-૧૭ | ડોમ્બીવલી | વિકાસ મહેશ ગોવિંદજી ખોના | ધ્રાફા | ૨૫ |
| | ભાંડુપ | પ્રિયંકા માણેકજી કાનજી મૈશેરી | મોટી સિંધોડી | ૨૫ |

### લગ્ન છૂટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૦૨-૧૭ | બેંગલોર | કૌશિક નવીન શામજી ધરમશી | સુથરી | ૩૨ |
| | મુલુંડ | પૂજા ખુશાલ ગોવિંદજી સંઘવી | સાંધાણ | ૨૭ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૦૫-૧૭ | કાંદીવલી | પંકજ રાયમલ કાનજી મોતા | વારાપધર | - |
| ૦૭-૦૫-૧૭ | ડોમ્બીવલી | ગંગાબાઈ ઘેલાભાઈ ધુલ્લા | રાપર | ૭૮ |
| ૦૮-૦૫-૧૭ | આણંદ | નિતીન ઝવેરચંદ વિશનજી ધરમશી | મંજલ રેલડીયા | ૬૦ |
| ૦૯-૦૫-૧૭ | ભૂજોડી | અ.સૌ. શીતલ (શીલા) તરૂણ ચીમનલાલ લાલકા | વારાપધર | ૪૫ |
| ૧૦-૦૫-૧૭ | કાંજુર માર્ગ | હંસાબેન લાલજી મેઘજી લોડાયા | વારાપધર | ૪૫ |
| ૧૧-૦૫-૧૭ | મુલુંડ | દિનેશ દામજી મોમાયા | જખૌ | ૭૨ |

# શ્રધ્ધાંજલિ



જન્મ
૦૩-૦૧-૧૯૫૯

દેહ વિલય
૨૮-૦૪-૨૦૧૭

## શ્રી રાજેશ કાંતીલાલ શાહ (મોતા)

(કચ્છ-રાયધણજર, હાલે-વડોદરા)

''આ લોક ને અળગો કર્યો, પરલોક ને પોતીકો કર્યો
સ્મરણોની સુવાસ ફેલાવી, સ્નેહનો સમંદર ભર્યો''

વાત્સલ્ય ભાવના, કુટુંબ પરાયણતા,
આતિથ્ય ભાવના ધરાવનાર, દીન-દુખીના આંસૂ લૂંછનાર
પરિવાર-મિત્રો પ્રેમી, સ્ફટિકમય નિર્મલ સ્વભાવ સાથે
સૌના મદદગાર, મક્કમ મનોબળ સાથે જિંદગીને જીવી જનાર,
પ્રેમ-કરૂણાનો ધોધ વહાવી સૌને એક તાંતણે બાંધી રાખનાર.
આપશ્રીનો જીવન-પ્રવાસ આટલો ટૂંકો હશે તે અકલ્પનીય છે
હજી તો જીવન યાત્રાની ઘણી આશાભરી લાંબી મંજિલ કાપવાની બાકી હતી
તે મધ્યાન્હે સૂર્ય અસ્ત થઈ ગયો, જીવન દીપ બુઝાઈ ગયો અને કુટુંબ મેળો વિખરાઈ ગયું.
આપની અણધારી વિદાયથી જે ખોટ પડી છે તે કદી નહીં પૂરાય.
ગાગરમાં સાગર જેવું આપનું જીવન અમારા માટે
એક અવિસ્મરણીય સંભારણું અને પથદર્શક બની રહેશે.
અમો ને છોડી આપનો આતમ ચાલ્યો અનંત પ્રવાસે
હૃદય રડે અને આંખો દેખે હવે આપની સ્મૃતિનો સંગાથ અમ પાસે
પરમાત્મા આપની વિરલ આત્માને મોક્ષગામી બનાવે
એજ જિનેન્દ્ર ચરણે પ્રાર્થના સહ શ્રધ્ધા સુમન

શોકાતુર

**માતુશ્રી લક્ષ્મીબેન વેલજી લખમશી દંડ પરિવાર** (લાલા-વડોદરા)
**માતુશ્રી નવલબેન ઉત્તમચંદ લખમશી દંડ પરિવાર** (લાલા-કડી)

દીપાલી -પ્રદીપ વેલજી દંડ
મોનાલી પ્રદીપ-પ્રિયંક પ્રદીપ

રશ્મિ-રાજેશ કેશવજી લોડાયા
(નલીયા-હૈદરાબાદ)
હેમલ રાજેશ

કુંજલ-પરેશ મહેન્દ્ર ધરમશી
(કોઠારા-ઇંદોર)
કરણ પરેશ - પલક પરેશ

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (15-05-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# ૨૬મી પુણ્યતિથીએ ભાવભરી શ્રધ્ધાંજલિ



જન્મ : ૨૨-૧-૧૯૪૯ | દેવશરણ : ૧૯-૫-૧૯૯૨

## સ્વ. રતીલાલ (પૂ. શ્રવણગીરી બાપુ) રામજી મેઘજી લોડાયા

### ચિરવિદાય ના ૨૫ વર્ષના સમાપને ભાવાંજલિ

મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે,
મૃત્યુ પામે છે માનવી પોતે, પણ તેમના સત્કર્મો જીવે છે...
આપ જીવંત હતા દેહસ્વરૂપે, આપ જીવંત છો ભાવસ્વરૂપે,
આપ જીવંત રહેશો આત્મસ્વરૂપે...

આપનો આત્મા ચિરઃશાંતિ પામો એજ અભ્યર્થના

આપની સ્મૃતિ જેમના હૈયે હરપળઃ

લી. માતુશ્રી ગંગાબાઈ રામજી મેઘજી લોડાયા સહપરિવાર - સાંધવ (મુલુંડ પૂર્વ)

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,